રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## "નેહ કાશ્મીર નેહ કાશ્મીરી"



કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી વિસ્તારમાં વિશ્વગ્રામ દ્વારા આયોજિત "નેહ કાશ્મીર નેહ કાશ્મીરી" અંતર્ગત વિવિધ શાળાઓમાં લોકભારતી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંચાલિત 'મોજીલું શિક્ષણ' પહોંચ્યું અને વિવિધ પ્રવૃતિઓ દ્વારા બાળકોને મોજ કરાવી.

વર્ષ: ૭૯ અંક : ૧૧ ૧૫ જૂન, ૨૦૨૬

## કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી વિસ્તારમાં વિશ્વગ્રામ દ્વારા આયોજિત "નેહ કાશ્મીર નેહ કાશ્મીરી" કાર્યક્રમની ઝલક













# કોડિયું

વર્ષ : ૭૯ | જૂન ૨૦૨૬ | અંક : ૧૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | બાપા, કાગડો : હા ભાઈ, કાગડો !<br>મનુભાઈ પંચોળી | ...૦૬ |
| ૦૨ | બૃહદ બનવું એ જ યુદ્ધનો ઉપાયઃ ‘દર્શક’<br>સોનલ પરીખ | ...૦૭ |
| ૦૩ | **કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા-૨**<br>બિંદુ-પાર્થેશ | ...૧૦ |
| ૦૪ | **એક વ્યંગકથાઃ NEETનું પેપર ખરેખર ક્યારે ફૂટ્યું ?**<br>વિશાલ ભાદાણી | ...૧૪ |
| ૦૫ | **ડિજિટલ કોર્નરઃ છેલ્લી પેન**<br>અનામી | ...૧૬ |
| ૦૬ | **સંવાદી, પ્રસન્ન સમાજ માટેનું દર્શનઃ જીવનવિદ્યા**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૮ |
| ૦૭ | **નિષ્ફળતા : સફળતા માટેનું પહેલું પગથિયું**<br>ડૉ. દિનેશ પરમાર | ...૧૯ |
| ૦૮ | **ધ્યાનમંત્રો**<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ...૨૧ |
| ૦૯ | **કલ્પસર યોજના : વિકાસના નામે સૌરાષ્ટ્રની કોણીએ ગોળ**<br>ડૉ. નાનક ભટ્ટ | ...૨૫ |
| ૧૦ | **બાળકોને સ્વસ્થ સમાજનો સમૃદ્ધ વારસો આપીએ**<br>મિત્તલ પટેલ ‘પરિભાષા’ | ...૨૭ |
| ૧૧ | **આપણા સૌની માવડી ગીર ગાય**<br>**નટવર આહલપરા** | ...૨૯ |
| ૧૨ | **જીવનમાં સારથિનું મહત્ત્વ**<br>અજિત ઠોસર | ...૩૦ |
| ૧૩ | **‘શુકન-અપશુકન’**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૨ |
| ૧૪ | **જ્ઞાનનું અનુભૂતિમાં રૂપાન્તર**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૩૬ |
| ૧૫ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે આપણા દેશમાં સૌથી વધારે અજંપો, નિરાશા અને ગૂંચવાડો પેદા થયો હોય તેવું કોઈ ક્ષેત્ર હોય તો તે છે શિક્ષણ. શિક્ષણને જીવનની પ્રસન્નતા અને નિજાનંદ પ્રાપ્ત કરવા માટેનું અસરકારક છતાં પવિત્ર સાધન તરીકે પ્રયોજવાનું છે. આજે એ રાગ, દ્વેષ, ઈર્ષા અને હરિફાઈથી ભરપૂર એવું જીવનનું એ સાધ્ય બની ગયું છે.

શહેરોમાં મા-બાપને પોતાનાં બાળકોને બાલમંદિરમાં મૂકવા ઈન્ટરવ્યૂ આપવાના હોય છે ! ત્યાંથી માંડીને અનેક પ્રકારના બોર્ડ અને પરીક્ષાઓ આપ્યા પછી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મળે છે. શિક્ષણ જાણે પરીક્ષાઓનો પર્યાય બની ગયું છે. જાણે આગલી પરીક્ષાઓ પર વહીવટકારોને વિશ્વાસ જ ન હોય તેમ એક પછી એક પરીક્ષા લીધા જ કરવાની ! આ પ્રકારની શિક્ષણપ્રણાલી અમેરીકામાં ૮૦ના દાયકામાં ચાલતી હતી ત્યારે તેનો અભ્યાસ કરીને સંશોધકોએ 'Dumbig Us Down' નામનો એક રિપોર્ટ બહાર પાડ્યો, જેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે પરીક્ષા-કેન્દ્રી આવી શિક્ષણપ્રણાલી એ રાષ્ટ્ર માટે ખતરારૂપ છે. જ્યારે પરીક્ષાનું મૂલ્યાંકન કેવળ માર્કસથી થાય છે ત્યારે તે ભ્રષ્ટાચારનું ઉદ્‌ભવસ્થાન બને છે. હવે ભ્રષ્ટાચાર આચારવામાં પણ અનેક પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે ! ટેક્નોલોજી કે વિજ્ઞાન એ તો એક શક્તિ છે, તેની પાસે વિવેક નથી જ. વિવેક તો વાપરનારામાં હોવો જોઈએ. આ વિવેક લાવવો ક્યાંથી ? કોણ વિવેક આપી શકે ? કઠણાઈ તો ત્યાં છે કે વિવેક વિદ્યાલયોમાંથી ગુરુઓ દ્વારા પ્રાપ્ત થાય.. પણ વિદ્યાલયો ભ્રષ્ટાચારથી ચાલતા હોય અને શિક્ષકો માત્ર એજન્ટ બનીને નોકરી કરતા હોય ત્યારે ત્યાંથી વિવેક મળે કેમ ? ડીડીટીમાં જીવડાં પડયાં છે તેવો ઘાટ થયો છે.

બીજું જોખમ શિક્ષણ ક્ષેત્રનું થઈ રહેલું કેન્દ્રીકરણ છે. આ ક્ષેત્ર તો શક્ય તેટલું વિકેન્દ્રિત, પ્રાદેશિક, સ્થાનિક પર્યાવરણને આધીન અને માતૃભાષામાં જ કાર્યરત હોવું જોઈએ. શિક્ષણમાં સમાનતાના નામે થઈ રહેલુ વિકેન્દ્રીકરણ એ સમાજની અને દેશની ઘોર ખોદનારું સાબિત થઈ રહેલું છે. મેં જાતે અભ્યાસ કરીને પંદર દિવસના રોકાણ પછી લંડન શહેરની આસપાસની સ્કૂલોનાં પાઠયપુસ્તકો અને અભ્યાસક્રમો જોયાં-સમજયાં છે. સંસ્કાર અને મૂલ્યો માટે જે પ્રવૃત્તિઓ-વહીવટ આચારમાં મૂકવાના છે તે શિક્ષણમાં મુકાય છે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું કેન્દ્રીકરણ કરીને તેને અતિ જટીલ અને સમય માંગી લે તેવી કરી મૂકી છે. શિક્ષણ ક્ષેત્રનો હીરો તો શિક્ષક છે, ગુરુ છે અને વિદ્યાર્થી તેનો પ્રાણ છે, કેન્દ્ર સ્થાને છે. આપણી સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થી અને ગુરુને તો 'ઝીરો' બનાવી દીધા છે. જાનમાં વરરાજાને જ કોડીનો કરી મૂકો તો સમગ્ર પ્રક્રિયાના દરેક તબક્કે જે મોજ અને જીવનમૂલ્યોને ઉજાગર કરવાનાં છે તે ક્યાંથી થાય ?

જો આમ જ ચાલુ રહેશે તો 'શિક્ષણ કોક્રોચ' જન્મતા વાર નહીં લાગે.

શિક્ષણને એક પવિત્ર સાધન તરીકે પ્રયોજીને માનવીય મૂલ્યોને ઉજાગર કરવાના છે. હજુ મોડું નથી થયું... જો જાગવું હોય તો..

— [signature]

## (૦૧) બાપા, કાગડો : હા ભાઈ, કાગડો !

### મનુભાઈ પંચોળી 'દર્શક'

નાનાભાઈએ કેળવણીને અમૃતસંજીવની માની હતી. ને એ સંજીવનીની શોધમાં તેમણે જીવતરની પળેપળ વિતાવી. એ શોધની આડે આવતાં ધન, માયા, પદાધિકાર કશાય ડંખ કે આડંબર વિના છોડયાં હતાં.

સંસ્કૃતના તેઓ પંડિત હતા ને સંસ્કૃત સાહિત્ય તેમને પ્રિય હતું. ઈતિહાસ તેમનો પ્રિય વિષય હતો. પણ જે ઘડીએ તેમને ખબર પડી કે સમાજને સજીવન અને પ્રફુલ્લિત રાખવા માટે નાના બાળકોની કેળવણી જ અગત્યની છે, એટલે તરત જ 'બાપા, કાગડો : હા,ભાઈ કાગડો !' જેવી વાર્તા શાકુંતલના જેટલા જ રસથી કહેવા માંડી. આ સંજીવનીની શોધમાં એક દહાડે એમને દેખાયું કે સાચી કેળવણીમાં ઉત્પાદક શ્રમ આ દેશમાં વિશેષ કરીને ખેતી-ગોપાલન હોવાં જોઈએ; ને બીજી જ પળથી તેમણે ખેતીવિજ્ઞાન શીખવા-શીખવવા માંડયું. જાતે નીંદામણ કર્યું, પાળા બાંધ્યા, ગાયો ચારવા પણ ગયા. નાનાભાઈ આમ સહેજે કરી શક્યા કારણ કે એમને પ્રતીતિ હતી કે કેળવણી દ્વારા જ આ દુનિયાનાં ઘા-ધારાં છેવટ રુઝાશે. કેળવણી દ્વારા લોકારાધન એ તેમનો યજ્ઞ હતો. લોકારાધન માટે વિદ્વત્તાનો ઓઘો બાજુ પર મૂકતાં નાનાભાઈને વાર ન લાગી. અનેક વરસોના પ્રયત્ને મહોરેલી, પાંગરેલી,વિકસેલી દક્ષિણામૂર્તિ સંસ્થાના નિયામક આંબલાની નિશાળના મહેતાજી બન્યા. નાના ભૂલકાંઓનાં આંખ-નાક સાફ કર્યાં, તેમને નવરાવ્યાં, તેમની પાસે બાળનાટકો કર્યાં, તેમની સાથે બાગબગીચાની માવજત કરી. તેમણે કહેલું કે, કેળવણીના સાચા વિજ્ઞાનને અભાવે જીવન કયાંક શોષાઈ રહ્યું છે, કયાંક ગંધાઈ રહ્યું છે, કયાંક ઠીંગરાઈ ગયું છે, ને કયાંક તો વિકૃત થઈ રહ્યું છે. યુદ્ધ મૂળે તો માણસના હૃદયમાંથી શરૂ થાય છે. મનુષ્યની અશુદ્ધ વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરવું તેનું નામ કેળવણી. તેનું વિજ્ઞાન ને તેનો આલેખ, એ નાનાભાઈએ સમાજને આપેલી અણમોલ ભેટ છે.

નાનાભાઈ ભણી રહ્યા પછી એમણે ભાવનગર રાજયમાં નોકરી માગી- પણ તે અંગ્રેજી હાઈસ્કૂલ કે કૉલેજમાં નહીં પણ ગુજરાતી પ્રાથમિક શાળામાં. રાજય પણ સહેજ વિચારમાં પડયુંઃ બી.એ. પાસમાં જે પ્રથમ શ્રેણીમાં ઊંચા ગુણ લઈને પાસ થયેલ છે, એ ગુજરાતી નિશાળમાં એકડિયા ભણાવવાનું શા માટે પસંદ કરે? નાનાભાઈ રાજને કહે છે કે, 'મારે ખરેખર શિક્ષણનું કામ કરવું હોય તો આ બાળપોથીને એકડિયાનાં ધોરણો જ લેવાં જોઈએ. જેનો પાયો જ પોલો ખોદાયો છે એના પર હું કઈ રીતે મોટી ઈમારત ચણવાનો હતો? મારે તો પાયામાં જ પૂરણી કરવી છે.'

રાજયને વાત સમજાઈ, પણ ગુજરાતી કેળવણી ખાતામાં ઊહાપોહ થઈ ગયો. સિનિયર શિક્ષકોએ વાંધો ઉઠાવ્યો કે આ પ્રમાણે વધુ અંગ્રેજી ભણેલાને ગુજરાતી નિશાળોમાં દાખલ કરશો તો બીજા સિનિયર કદાચ ઊંચા નહીં આવી શકે. એમાંના એક મહેતાજી તો પહોંચ્યા નાનાભાઈના પિતાની પાસે ને તેમને સમજાવ્યું કે, 'નરસિંહપ્રસાદ તો અમારા પેટ પર પગ મૂકે છે. એને જગ્યાઓનો કયાં તોટો છે તે ગુજરાતી શાળામાં દાખલ થાય છે? એને તો અંગ્રેજી નિશાળમાં ગમે ત્યાં દાખલ કરશે. પણ જો તે અહીં દાખલ થશે તો અમે આગળ નહીં વધી શકીએ.' પિતાના અતિશય આગ્રહથી છેવટે એમણે એ વિચાર પડતો મૂક્યો ને રૂ.૫૦ના પગારથી મહુવાના હેડમાસ્તર તરીકે નોકરીમાં જોડાયા. એ પછી કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયા; પગાર પણ સારો એવો વધ્યો પણ મનને સુખશાંતિ નહોતી. એક શુભ દિવસે નાનાભાઈ કૉલેજમાંથી રાજીનામું આપી દે છે. ગુજરાતના કેળવણીના ઈતિહાસમાં એ દિવસ યાદ રહેશે કારણ કે તે દિવસે ગુજરાતમાં શિક્ષણવિદ્યાનો પુનર્જન્મ થયો, શારદાની વીણાનો બંધ પડેલ ઝંકાર ફરી શરૂ થયો.

## (૦૨) બૃહદ બનવું એ જ યુદ્ધનો ઉપાયઃ 'દર્શક'

**સોનલ પરીખ**

'મનુષ્યજીવનમાં મેં બે ચરમ શિખરો ગણ્યાં છે. પડતાં આખડતાં એ દિશામાં ચડ્યો છું. એક છે નિર્વ્યાજ પ્રેમ, જે મેં ઘણા વિદ્યાર્થીઓ કે મિત્રોને આપ્યો છે. માનવયાત્રાનું બીજું શિખર મેં માન્યું છે, નિરભ્ર બુધ્ધિની ઉપાસના - નિરભ્ર બુધ્ધિ, જે સમતોલ રહી જેટલું ખરાબ હોય તેટલું જ કહે છે, તલભાર વધારે નહીં; અને તે છતાં સારું હોય તેને સારું કહી આદરમાન રાખે છે.'

આ શબ્દો છે મૂર્ધન્ય સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શક'ના.

મનુભાઈ પંચોળી 'દર્શક' એટલે ગુજરાતી સાહિત્યનું ઉજ્જવળ નામ. નવલકથા, નાટક અને નિબંધ જેવા સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનાર 'દર્શક'ની સર્જકપ્રતિભાનો સર્વોત્તમ આવિષ્કાર એમની નવલકથાઓમાં મળે છે. નવલકથાકાર, નાટ્યકાર, ઈતિહાસકાર, કેળવણીકાર અને ગાંધીવાદી સમાજ સેવક તરીકે દર્શકનું સર્જન દરેક પેઢી માટે અમૂલ્ય ભેટ છે. મનુભાઈ પંચોળી 'દર્શક'ની કુલ નવ નવલકથાઓ છે : કબ્રસ્તાન' એટલે કે 'બંદીઘર', 'કલ્યાણયાત્રા', 'બંધન અને મુક્તિ', 'પ્રેમ અને પૂજા', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'દીપનિર્વાણ', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર' - આ ૮ સંપૂર્ણ નવલકથાઓ ઉપરાંત નવમી 'મુક્તિમંગલ' જે અધૂરી રહી.

ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર (૧૯૮૭) 'દર્શક'ને જેને માટે મળ્યો એ 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ગુજરાતને વિશ્વના નકશામાં મૂકનારી નવલકથા છે. જેમણે એ વાંચી છે તે સૌ રોહિણી-સત્યકામને ન ભૂલી શકે તેમ તેમાંનાં યુદ્ધવર્ણનોને પણ ન ભૂલી શકે. સત્યકામ યુરોપમાં છે ત્યારે બે વિશ્વયુદ્ધ વચ્ચેનો સમય છે. વાર્તા પૂરી થાય છે ત્યાં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયેલું જણાય છે. સત્તાલોભ, સંકુચિત રાષ્ટ્રવાદ અને અહંકારને ધરવ જ ન હોય એમ પહેલા વિશ્વયુદ્ધની ભયાનકતા અનુભવ્યાં પછી માત્ર બે દાયકામાં જગત બીજા વિશ્વયુદ્ધમાં હોમાય છે. માનવચેતનાને ફરી આઘાત પહોંચે છે. આ વિટંબણાનો અંત ક્યાં એ મહાપ્રશ્નનો ઉકેલ શોધવાની મથામણ અને આપણે સજાગ રહીને યુદ્ધો ટાળવાનાં છે એ સંદેશ પણ આ મહાનવલમાં વણાયા છે. પ્રસ્તાવનામાં દર્શક લખે છે, 'હથિયારોને ગાળીને ઓજાર ન બનાવીએ ત્યાં સુધી આ કરવા માટે પણ યુદ્ધની વિભીષિકા જાણવી, જોવી પડશે. છેક તળિયા સુધી જઈને મૂળને ઉચ્છેદવા પડશે ને ઉચ્છેદતાં ખપી જવું પડશે.'

એમની મોટાભાગની નવલકથાઓમાં યુદ્ધ છે. શાંતિ માટે મથનાર લેખકના પુસ્તકોમાં યુદ્ધ શા માટે એવો પ્રશ્ન એમના ચાહકોને થાય તે સહજ છે. સાહિત્ય-સર્જનને મૂલવનારાઓ કહે છે કે 'દર્શક'ની નવલકથાઓમાં યુદ્ધનું નિરુપણ માત્ર ભૌતિક સંઘર્ષ તરીકે નહીં, પરંતુ નૈતિક અને આંતરિક સંઘર્ષ તરીકે જોવા મળે છે. તેમના પુસ્તકોમાં યુદ્ધ એક પૃષ્ઠભૂમિ તરીકે કામ કરે છે. માનવીય મૂલ્યો, ચારિત્ર્ય અને ધર્મની કસોટી કરનાર વિભીષિકા રૂપે દેખા દે છે. તેમના લેખનમાં યુદ્ધનો ઉદ્દેશ્ય હિંસાનું મહિમામંડન કરવાનો નથી, પરંતુ સંકટ સમયે માણસના શ્રેષ્ઠ ગુણો અને સાચા ધર્મની પસંદગી કેવી રીતે કરવી તે દર્શાવવાનો હોય છે. ટૂંકમાં, 'દર્શક' ના સાહિત્યમાં યુદ્ધ એ માનવજીવનના સંઘર્ષો અને નૈતિક દ્વંદ્વને સમજવાનો એક માર્ગ છે.

'દર્શક'ની નવલકથાઓમાં યુદ્ધનું આલેખન અને એના ઉદ્દેશ વિષેનો એક અધિકારપૂર્વકનો, સમજપૂર્વકનો અને સર્જકતત્ત્વ-માનવીયતત્ત્વને ન્યાય આપતો ઉત્તર આદરણીય મનસુખભાઈ સલ્લાએ એક સુંદર પત્ર રૂપે, કહો કે એક

પ્રશ્નના જવાબરૂપે લખ્યો છે તે વાંચી જવા જેવો છે. ૨૦૨૪ના સચ્ચિદાનંદ સન્માન માટે એમની વરણી થઈ અને એમણે આ પત્ર લખ્યો એ બે ઘટનાઓ યોગાનુયોગે સાથે સાથે બની છે. પત્ર લખવાનું નિમિત્ત રામચંદ્રભાઈ પંચોળીએ મનસુખભાઈને પૂછેલો એક સવાલ હતો, જે કદાચ ‘દર્શક’ના તમામ ચાહકોનો હોઈ શકે, ‘દર્શકનાં મોટા ભાગનાં પુસ્તકોમાં યુદ્ધ છે. શું એ જીવનનો અનિવાર્ય આઘાતજનક ભાગ છે તેથી તેનાથી ટેવાવું રહ્યું? તેની વચ્ચે માનવતા ઉગાડવાની, જીવાડવાની છે તેમ તો લાગે છે પણ તે સિવાય બીજા કોઈ સંદેશાઓ છે?’ આ પ્રશ્નમાં પ્રશ્નકર્તાનું વ્યક્તિત્વ પણ પ્રમાણવા જેવું છે. પોતે સર્જકના પુત્ર, વાચક-વિચારક અને ‘દર્શક’સાહિત્યના અભ્યાસી છતાં ‘મારા પિતાએ લખ્યું હોય તેની મને વધારે ખબર હોય’ એવું ગુમાન તો રામચંદ્રભાઈમાં ન જ દેખાય, પણ ‘દર્શક’ને જાણનાર-સમજનાર તરીકે મનસુખભાઈમાં એમણે મૂકેલી શ્રદ્ધા આપણને જરૂર સ્પર્શે. સામે મનસુખભાઈ. ‘દર્શક’ના દીકરા પણ મને પૂછે એવો ગર્વ લેશમાત્ર નહીં, પણ ‘હું જે સમજ્યો છું તે લખી જણાવું છું.’ એવી નમ્રતા. આવી ગરિમા, આ યુગમાં? જરૂર લોકભારતીના સંસ્કાર બોલે છે બંને પક્ષે.

તો મનસુખભાઈને સાદર અભિનંદન અને વંદન પાઠવતાં એમનો એ પત્ર અહીં ઉતારું છું:

પ્રિય રામચંદ્રભાઈ,

તમે મને ‘દર્શક’ની નવલકથાઓ અને નાટકોમાં યુદ્ધના આલેખન પાછળના ‘દર્શક’ના ઉદ્દેશ અંગે પૂછાવ્યું હતું… હું જે સમજ્યો છું તે લખી જણાવું છું.

યુદ્ધની કથા હોય કે કથામાં યુદ્ધ હોય તો કથારસ રમ્ય, ગમતીલો અને આકર્ષક બને છે એ પ્રાચીનકાળથી સ્વીકારાયેલું છે. પણ એટલો મર્યાદિત હેતુ ‘દર્શક’નો નહોતો જ.

તેમણે કહ્યું છે કે ચાર આર્યસત્યો (કરુણા, મૈત્રી, મુદિતા, ઉપેક્ષા)ની જેમ જ યુદ્ધ પાંચમું સત્ય છે. યુદ્ધની પ્રેરણા સ્વાર્થ કે અહંકાર હોય છે અને પરિણામ આંસુ અને સ્વજન-વિયોગ હોય છે. આજનાં યુદ્ધોમાં પણ એ પારખી શકાશે.

‘દર્શક’ યુદ્ધને પાંચમા આર્યસત્ય તરીકે ઓળખાવે છે અને પોતાની કૃતિઓમાં એનું અનેક રીતે આલેખન કરે છે. તેની પાછળની સમજ એ લાગે છે કે યુદ્ધ મનુષ્યની અધૂરપો અને વિકૃત એષણાઓને કારણે સર્જાય છે. પરંતુ માત્ર શુભાશયથી યુદ્ધ નાબૂદ નહીં થાય. એ માટે યુદ્ધને સમજવું જરૂરી છે. યુદ્ધને સમજવું એટલે એનાં મૂળિયાંને સમજવાં. અને સર્જક કલાકાર યુદ્ધનાં પરિણામોને રસિક રીતે આલેખે છે. શું ન હોવું જોઈએ કે શું ન કરવું જોઈએ એનું ભાન સર્જક એની કથાસૃષ્ટિ અને પાત્રસૃષ્ટિ દ્વારા પ્રત્યક્ષ કરાવે છે. માટે દર્શકે એમની લગભગ તમામ કૃતિઓમાં યુદ્ધનું આલેખન કર્યું છે.

પરંતુ તેમના યુદ્ધના આલેખનમાં કેવળ વૈર, વિષાદ અને વિનાશનું બયાન નથી. સાથે જ તેઓ મનુષ્યના ઉત્તમોત્તમ ગુણો કે તત્ત્વો કે જીવનમૂલ્યો પણ યુદ્ધમાં પ્રગટ થતાં હોય છે તે દર્શાવે છે. અલબત્ત ‘દર્શક’ માને છે (એમ સમજાય છે) કે સ્વર્ગનો રસ્તો નરકમાંથી પસાર થાય છે. તો ઉત્તમ સર્જક બંને પ્રગટાવે. માટે ‘દર્શક’ની કૃતિઓમાં યુદ્ધનું આલેખન હોય છે.

‘દર્શક’નું શિક્ષકત્વ પ્રત્યક્ષપણે કે મોટેભાગે પરોક્ષપણે પણ તેમની કૃતિઓમાં સક્રિય રહ્યું જ છે. એટલે યુદ્ધના તમામ વિકલ્પો તેમણે શોધ્યા છે, વર્ણવ્યા છે.

તેમાં બાળકેળવણીને તેમણે ખાસ્સું મહત્ત્વ આપ્યું છે. ‘વિશ્વશાંતિની ગુરુકિલ્લી’ લેખ એનું દૃષ્ટાંત છે. આંબલા-લોકભારતીની કેળવણી પાછળ અહિંસક સમાજની સ્થાપના માટેની કેળવણીનો ખ્યાલ છે. એને મૂર્ત કરવા એમણે લગભગ ૬૦ વર્ષ ખર્ચ્યાં છે. પણ એ વૈચારિક અને પ્રત્યક્ષ વ્યવહાર ગણાય.

કૃતિ રૂપે આલેખનની શિસ્ત અને તેનું સ્વરૂપ અલગ હોય છે. દર્શકે ક્યાંક કહ્યું છે કે, ‘સાહિત્યસર્જન સૌંદર્યના માર્ગે સત્ય સુધી પહોંચાડે છે. હેતુ હોય છે જીવનનું સત્ય રસિક રીતે પ્રગટાવવું.’ ‘બંદીઘર’ અને ‘પ્રેમ અને પૂજા’

પ્રારંભિક નવલકથાઓ છે. તેમ પણ દર્શકે અવૈર, જાતે સહન કરવું વગેરે મૂલ્યો ઉપસાવ્યાં છે. 'બંધન અને મુક્તિ'માં ડેનિયલ જેવો અંગ્રેજ જનરલ દેવકી-સુભગાને બચાવે કે શેખર ડેનિયલને કેદમાંથી મુક્ત કરાવે, પરિણામે મૃત્યુદંડ પામે છે. યુદ્ધથી મોટી માનવતા છે એ 'મુક્તિ'ની વિભાવના છે.

'દીપનિર્વાણ'માં અહંકારી મગધ સામ્રાજ્ય સામે ખોબા જેવડાં ગણરાજ્યો જે રીતે સામનો કરે છે, ગુલામી સ્વીકારતાં નથી એ કૃતિવ્યાપી મૂલ્ય છે. એટલે દીપ-નિર્વાણ પામે છે, નવજન્મ પામે છે. 'ઝેર તો પીધાં' તો બીજા વિશ્વયુદ્ધના દાવાનળ વચ્ચે પાત્રોને મૂકે છે. સત્યકામ, અચ્યુત, મર્સી, ક્રિશ્ચાઈન, બોઝ દંપતી, શાંતમતિ' રેથન્યુનાં માતા, ગોપાળબાપા દ્વારા ધૈર્ય, ક્ષમા, આત્મભોગ, નબળાની પડખે ઊભા રહેવું, પ્રકૃતિ સાથે સંવાદી જીવન અને સ્થૂળ જીવનથી ઉપર ઊઠવાનાં મૂલ્યો ઉપસે છે.

નવલકથાકાર ન્યાયાધીશ નથી, કલાકાર છે. એ એવી સૃષ્ટિ સર્જે કે વાચક એમાંથી સાચા જીવનનો નકશો પામે, સત્યાયભિમુખ થાય કે સત્યના રસ્તે ડગ માંડે. હૃદયાનુભૂતિ દ્વારા સર્જક અસર કરતો હોય છે. 'દર્શક'માં નવલકથા કે નાટકના સ્વરૂપનાં કેટલાક પ્રશ્ન કરી શકાય. પણ એ અલગ તપાસ છે. પોતાની કથા-સૃષ્ટિ દ્વારા યુદ્ધને શા માટે 'દર્શક' આલેખે છે એ તપાસીએ તો કહી શકાય કે ગુજરાતી નવલકથામાં 'દર્શક' જેટલી સફળ રીતે યુદ્ધને બીજા સર્જકો પ્રગટાવી નથી શક્યા.

'સોક્રેટિસ' નવલકથામાં યુદ્ધો જ યુદ્ધો છે અને લોકશાહી રચના જેવી સંસદ(ડેમોસ)ની રચના છે. પણ સોક્રેટિસ, પેરિક્લીસ અને એપોલોડોરસ જેવા અગ્રણીઓ પછી પણ એથેન્સની લોકશાહી ટકતી નથી. સોક્રેટિસે વિષપાન કરવું પડે છે. વાત ૨૩૦૦ વર્ષ પહેલાંની છે પણ પ્રશ્નો અને પરિણામો તેને વર્તમાન જગત સાથે સાંકળી દે છે. અમુક બાહ્ય રચના કરવી પૂરતી નથી; ઉપાય મનુષ્યનાં વૃત્તિ, વલણો, વિચારો અને ટેવો પર કામ કરવું તે છે. જે ગાંધીજીએ કર્યું. પણ ફરી ભારત એ ભૂલી રહ્યું છે.

'કુરુક્ષેત્ર' નવલકથામાં પણ યુદ્ધ છે – મહાભારતનું. પણ તેમાં કેટકેટલા વિકલ્પો અને ઉપાયો સૂચવાયા છે ? એટલે કે પૃથ્વી પર સ્વર્ગ ઉતારવું હોય તો સતત સાવધતા અને આત્મભોગ અને અહિંસા અનિવાર્ય છે. વળી આ તમામ કૃતિઓમાં પ્રેમને દર્શકે જે રીતે દર્શાવ્યો છે એ ગુજરાતી સાહિત્યમાં અનેક રીતે અનોખો છે. પ્રેમનું વ્યાપક સ્વરૂપ જ યુદ્ધનો અવેજ છે. એને માટે જાતિ-વર્ણ-લિંગ-ધર્મ-રાષ્ટ્રીયતાથી ઉપર ઊઠવું જરૂરી છે એ સૌથી વધુ વ્યાપક સંદર્ભમાં 'ઝેર તો પીધાં'માં પ્રગટ થયું છે.

'પરિત્રાણ' મહાભારત આસપાસ ગૂંથાયેલું છે. તેમાં મુખ્ય સંઘર્ષ બળ અને ધર્મ(સત્ય) વચ્ચે છે. શકુનિ અને શ્રીકૃષ્ણ દ્વારા એ સંઘર્ષ ઉપસ્યો છે. 'દર્શક'નું અર્થઘટન પણ આપણને સ્પર્શી જાય તેવું છે. 'સોદો', 'અંતિમ અધ્યાય' અને 'હેલન' ત્રણે નાટકોમાં ક્રૂરતા, આપખુદ બળો અને અહંકારની સામે અણનમ મનુષ્ય, જવાબદારીનો સ્વીકાર અને વૈરથી ઉપર માણસાઈ એ મૂલ્યો ઉપસી આવે છે.

ગુજરાતી સાહિત્યમાં દર્શકને ગાંધીવાદી કે ભાવનાવાદી લેખક ગણીને અમુક અંશે તેમની ઉપેક્ષા પણ થઈ છે. પણ 'દર્શક' અનેક દૃષ્ટિએ મોટા લેખક છે. તત્ત્વપ્રધાન કે વિચારાધારિત નવલકથામાં ગોવર્ધનરામ ત્રિપાઠી પછી જે નામ સૌથી પહેલું યાદ આવે તે 'દર્શક'નું છે. એમનું ગદ્ય, પાત્રાલેખન, માનસિક કે વૈચારિક સંઘર્ષ દ્વારા કથાવિકાસ એ બધી દૃષ્ટિએ 'દર્શક' આગવા છે. સૌથી વધુ તો બૃહદ બનવું એ જ યુદ્ધનો ઉપાય છે એ દર્શકે લલિત કૃતિઓ, વિચારપ્રધાન નિબંધો અને પ્રત્યક્ષ કેળવણી દ્વારા મૂર્ત કર્યું છે.

મને ખબર નહોતી કે જવાબ આટલો લાંબો થશે, પણ પાંચ-સાત લીટીમાં સમજાવી શકાય એમ નહોતું, એટલે વિગતે લખ્યું છે. જે લોકો 'દર્શક'ને સમજવા ઈચ્છતા હશે તેમને આ વાંચવાનું જરૂર ગમશે.

તમારો
મનસુખ સલ્લા
મો.૯૮૩૩૭૦૮૪૯૪

## (૦૩) કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા-૨

**બિંદુ-પાર્થેશ**

(૧) એક મજાની ઘટના છેઃ

લોકશાહી વ્યવસ્થા ‘રાજપુર ટુ બાંગ્લાદેશ!’

મિસ્ટર વિકાસ, મારે બાંગ્લાદેશની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી મંત્રીમંડળ લાગુ કરવું છે. શું કરવું તે ખ્યાલ છે પણ કેમ કરવું તે ખબર નથી પડતી.

મિસ્ટર ખાન, મારી શાળા રાજપુરમાં તો આ વ્યવસ્થા વર્ષોથી છે.

અચ્છા ! તો પછી મારે ઈન્ડિયા આવવું પડશે.

આ ચર્ચા વિકાસ અને મિ. ખાન વચ્ચે સ્વીડન દેશમાં એક ટ્રેનિંગ દરમિયાન થઈ.

મિસ્ટર ખાન બાંગ્લાદેશમાં ખૂબ ઊંચા હોદ્દા પર હતા.

તેઓ મંત્રીમંડળ વ્યવસ્થા સમજવા ખરેખર મારી શાળા, રાજપુરમાં આવી પહોંચ્યા!

એમની માતૃભાષા બાંગ્લા અને આશા અને બાળકોની ગુજરાતી ભાષા. પણ ભાષા બાધા ન બની.

મિ. ખાન એટલા વિદ્વાન હતા કે બધું બરાબર સમજી ગયા. તેમની વિદ્વતા જોઈ આશા અભિભૂત થઈ ગઈ.

નીકળતી વખતે એ બોલ્યા. અમે બાંગ્લાદેશની શાળામાં બધા ધર્મ વિશે થોડું થોડું ભણાવીએ છીએ. આજથી ૨૫ વર્ષ પછી બાંગ્લાદેશમાં ધર્મને લઈને કોઈ ઝગડા નહિ હોય. મંત્રીમંડળ માટે શું કરવું તે ખ્યાલ હતો. કેમ કરવું તે આજે સમજી લીધું. આજથી ૨૫ વર્ષ પછી અમારા દેશમાં સાચા અર્થમાં લોકશાહી હશે. આશા આ સાંભળી અવાક થઈ ગઈ ! જે મંત્રીમંડળ પર આ ખાનસાહેબને આટલી શ્રધ્ધા છે એ મેં તો માત્ર મારી શાળા સુચારુ રીતે ચાલે તે માટે વાપર્યું છે. વળી, જો મંત્રીમંડળથી બાંગ્લાદેશમાં સાચા અર્થમાં લોકશાહી આવવાની હોય તો મારે ગુજરાતમાં આ માટે પ્રયત્ન ન કરવા જોઈએ ? શું મને મારા ગામમાં લોકશાહીનું વાતાવરણ ઊભું થયેલું દેખાય છે ?

જવાબ મળ્યો ‘હા’.

ગામમાં લોકશાહીનાં વાતાવરણ અંગે અને મિ. ખાનના બાંગ્લાદેશમાં અને આશાના ગુજરાતમાં મંત્રીમંડળ અંગેના પ્રયત્નો અંગે સૌથી પહેલા વાત કરીએ મિ. ખાને બાંગ્લાદેશમાં કરેલા પ્રયત્નની.

તેઓએ પોતાના દેશમાં ૧૦૦ શાળામાં ચૂંટણી ગોઠવવા કોશિશ કરી. ૯૮ શાળામાં ‘ઈલેકશન’ થયું. બે શાળામાં ચૂંટણી ન થઈ શકી ત્યા ‘સિલેક્શન’ કરવું પડ્યુ. બીજા વર્ષે ૫૦૦ શાળામાં અને ત્રીજા વર્ષે આખા બાંગ્લાદેશની તમામ શાળામાં મંત્રીમંડળ અમલમાં આવ્યું.

૫૦૦ શાળામાં પ્રયોગ કર્યો એ દરમિયાન વિકાસને પોતાના કામે બાંગ્લાદેશ જવાનું થયું. ખાનસાહેબ ખાસ આ શાળાઓ દેખાડવા લઈ ગયા. વિકાસ એ જોઈ ખૂબ ખુશ થયો.

મિ.ખાને ૫૦૦ શાળાના મંત્રીમંડળનું સંમેલન ગોઠવ્યું. આશાને આમંત્રણ મળ્યું. આશા જઈ ન શકી. મિ.ખાને પોતાના વક્તવ્યમાં આશા અને મારી શાળા, રાજપુરનો ઉલ્લેખ કર્યો. આશા અને તેની શાળા માટે આ નાની વાત ન હતી. કોલર ઊંચા કરી ફરી શકાય તેવી વાત હતી.

જો કે એ તો મિ.ખાનના વિચારોથી પ્રેરાઈને ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં મંત્રીમંડળ વ્યવસ્થા

સ્થપાય તે માટે મથવા લાગી હતી. આ માટે રાષ્ટ્ર કક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બે સંસ્થાઓએ સંયુક્ત રીતે પ્રોજેક્ટ શરૂ કરેલો. તેમાં આશા જોડાઈ.

આશાએ તેના વિદ્યાર્થીઓને આ બાબતે સમજાવેલા. તેથી તે ચાલુ દિવસે તાલીમો આપવા જાય તો બાળકો અકળાતા નહિ. ઉલટાનું જરૂર પડે તો ચૂંટણી કરાવવા બાળકો પણ સાથે જતાં. તાલીમ લેનારા શિક્ષકો બાળકોની ક્ષમતા જોઈ અચંબિત થઈ જતાં.

એક તાલીમમાં ડમી ચૂંટણીમાં પંકજ પોલીસની ભૂમિકામાં હતો.

શિક્ષકો હરોળમાં ઊભા રહી પોતાના વારાની રાહ જોતા હતાં. CRC કૉ-ઓ ઑર્ડિનેટરને એમ કે મને કોણ કહેનાર ? એટલે આવીને હરોળમાં આગળ ઊભા રહી ગયા. પંકજે કડક શબ્દોમાં તેમને પાછળ જવા કહ્યુ. થોડી વાર તો હો હા થઈ ગઈ. એક વર્ષ સુધી આ રીતે કામ ચાલ્યું. તે પછી ગુજરાત સરકારે/ શિક્ષણ વિભાગે આખા રાજ્યમાં મંત્રીમંડળ લાગુ કરી દીધું.

જે શાળામાં લોકશાહીનું વાતાવરણ હતું ત્યાં આજે પણ મંત્રીમંડળ સફળ રીતે કામ કરી રહ્યું છે.

જે શાળામાં આચાર્ય અને શિક્ષકો પ્રમુખશાહી કે સરમુખત્યારશાહીની જેમ શાળા ચલાવે છે ત્યાં મંત્રીમંડળ નામના ચાલે છે તે કામના નહિ. ત્યા લોકશાહીની રીતે કામ ચાલતું નથી.

'અત્યારના બાળકો આવતીકાલના નાગરિક છે. તેઓ આજે નિર્ણય લેવાની પ્રક્રિયામાં જોડાશે તો દેશનું ભવિષ્ય ઉજ્જવળ થશે.'

આ વિચારને મિ. ખાન બાંગ્લાદેશમાં લઈ ગયા. ત્યાં પ્રયોગ કર્યો. આપણા રાજ્ય અને દેશના શિક્ષકો આ જેટલું અમલમાં મૂકે તેટલો રાજ્ય/ દેશને લાભ થાય !

(૨) લોકશાહી ગામમાં પહોંચીઃ

લોકશાહીની પાઠશાળામાં ભણેલાં વિદ્યાર્થીઓ યુવાન બની ગ્રામજનની ભૂમિકામાં આવ્યા ત્યારે શું થયું તેના પ્રસંગો અને પરિણામો જોઈએ.

પ્રસંગ- ૧

બારે મહિના વહેતી સાબરમતી ૧૯૯૯ની સાલ સુધીમાં સાવ ધોરીયો થઈ ગઈ હતી. પછી તો એ પણ બંધ. નદી સાવ સુક્કી ભઠ્ઠ. ન ઢોર પાવા માટે, ન કપડાં ધોવા માટે, ન ન્હાવા માટે નદી કામની રહી. ગ્રામજનો એ નદી તરફ જવાનું બંધ કર્યું. આજુબાજુના ગામના રાવળ અને દેવીપૂજક નદીના પટમાં શાકભાજી, તરબૂચ, ટેટી, બટાકા ઉગાડતા. આ આવડત બીજી કોઈ કોમમાં ન જડે. પાણી સુકાયું એટલે એમણે પણ વાવવાનું બંધ કર્યું. નદીમાં ન્હાતા ન્હાતા તરબૂચ, ટેટી ચોરવા જતાં બાળકો પાસે પણ હવે નદીએ જવાનું કોઈ કારણ ન રહ્યું. પરિણામે કોરી નદીને સૌએ એકલી મૂકી દીધી. રાજપુર તરફ નદી કિનારો ખૂબ ઊંચો છે. દૂરથી નદીનો પટ દેખાય નહિ કે કોઈ કામ ચાલતું હોય તો અવાજ આવે નહિ.

એક દિવસ બચુ નદી તરફ ગયો. તેણે જોયું કે ટ્રોલી સહિતના ટ્રેક્ટર નદીમાં ફરી રહ્યાં છે. તે ચમક્યો. ધ્યાનથી જોતા ખ્યાલ આવ્યો કે તેમના તરફના કિનારા તરફથી માટી કાઢીને સામેના કિનારે આવેલા વૈભવી બંગલાના પ્રાંગણમાં નખાઈ રહી છે. તેણે ગામમાં આ વાતની જાણ કરી. ગ્રામજનો હોકારા પડકારા કરતાં ઉપડ્યા. સાથે આશા અને વિકાસ પણ હતાં. માનવ ટોળું જોઈ મશીનરી અટકી ગઈ. નદી કિનારે જોઈને સૌ પહેલા તો સ્તબ્ધ થઈ ગયા ! લગભગ ૮૦૦ ટ્રેક્ટર માટી આ કાંઠેથી સામા કાંઠે લઈ ગયા હતાં. હવે ટોળું આક્રોશમાં આવ્યું. દરેક જણ ગુસ્સામાં રાડો પાડી પાડી બોલી રહ્યાં હતાં. આશા

અને વિકાસ પણ હલ્લી ગયા. વિકાસે બાજુના ગામથી ફોટોગ્રાફરને બોલાવી લીધા. બધું કેમેરામાં કેદ કરાવી લીધું. ટ્રેક્ટરવાળાને ગંભીરતા સમજાઈ ગઈ. તેણે બંગલાવાળાને ફોન કર્યો. બંગલાવાળા પોતે હાજર ન થયા. તેણે સમાધાન માટે ચક્રો ગતિમાન કર્યાં.

બનેલું એવું કે ગયાં ચોમાસે વર્ષો પછી નદીમાં જોરદાર પૂર આવ્યું. સામા કાંઠે અલૂઆ હિલ્સના બંગલા. તેમના આંગણા છેક નદી કિનારા સુધી પહોંચેલાં. એક બંગલાવાળાના ચોકીદારની ઓરડીની બારી સુધી પૂરના પાણી પહોંચી ગયેલા. તેથી તેણે આંગણું ઊંચુ લેવા ગેરકાયદે નદીના સામા કિનારેથી માટી ઉઠાવી. પણ બચુ જોઈ ગયો.

વિકાસના ઘરનાં આંગણામાં બેઠક થઈ. સરપંચ (જૂથ પંચાયતના), ગામના આગેવાનો, બંગલાવાળા તરફથી પ્રતિનિધિ, ગ્રામજનો સૌ બેઠાં. ચર્ચા ચાલી. મામલો થાળે પાડવા સામ,દામ, દંડ, ભેદ અપનાવવામાં આવ્યા. પણ કામમાં ન આવ્યાં. એક આગેવાન ઊભા થઈને થોડે દૂર જઈને ફોનમાં વાત કરતા હતા. 'અરે ભાઈ, મારા એકના કહેવાથી કશું નહિ થાય. ગામ હવે બદલાઈ ગયું છે.' તે અકળાઈ ને બોલી રહ્યા હતા. આશા અને વિકાસના કાનમાં આ શબ્દો પડ્યા. બંનેની આંખમાં ચમક આવી ગઈ.

બીજા આગેવાન પર કોઈનો ફોન આવ્યો, તેણે બધાં વચ્ચે બેઠા બેઠા જ સામે વાળાને કહ્યું, 'સાહેબ, કોઈને પૈસો આપ્યે માંડવાળ થાય તેમ નથી. આ મારા હાથની વાત નથી. સમય બદલાઈ ગયો છે, તમે સમજોને સાહેબ.'

ફોન મૂકી બેઠેલાં સૌ સામે હસી પડ્યા. ગુનો તો બની ગયો છે. પણ હવે ઉકેલ શું ? એના માટે સૌ વિચારવા લાગ્યાં.

અંતે નક્કી કર્યું કે ગામનું તળાવ ખોદવા માટે ૨૫,૦૦૦ રૂપિયા બંગલાવાળા પાસેથી લેવા. સરપંચ,આગેવાનો વગેરેનો મોભો જળવાય એ માટે વિકાસે એક નવો રસ્તો કાઢયો. તેણે કહ્યું કે, 'આ સજામાં હું પણ ભાગીદાર થાઉં છું. હું પોતે ૫૦૦૦ રૂપિયા જમા કરાવું છું.'

સરપંચ ખુશ થઈ ગયા. હવે તે બંગલાવાળા પાસેથી એમ કહી પૈસા માંગી શકાશે કે, 'કોઈ વાંક વગર સાહેબે પણ આ સજા ભોગવી છે. તો તમારે તો પૈસા આપવા જ પડશે.' આવડી મોટી ઘટના માટે સૌએ મળીને નિર્ણય લીધો. આ મંત્રી મંડળની દેણગી હતી. અગાઉ આવા પ્રસંગે ગ્રામ આગેવાનોના મોઢા પૈસા આપી બધં કરી દેવામાં આવતા. બિચારા ગામવાળાના ભાગમાં લાચારી આવતી. મંત્રી મંડળીના કારણે ગામનો સમય બદલાયો.

પ્રસંગ – ૨

ગામનું તળાવ ઊંડુ કરવા મશીનરી આવી. કામ શરૂ થઈ ગયું. શનિવારે સવારની શાળા હોય એટલે બપોરે આશા એક છોકરાને લઈ તળવાનું કામ કેવું ચાલે છે તે જોવા ગઈ. કોન્ટ્રાક્ટર જાણીતો નીકળ્યો. બાજુના ગામનો જુવાનિયો. આશાને સારી રીતે ઓળખે. આશાને જોતા જ કહે,' તમારા ગામ જેવું તો કોઈ ગામ આજ સુધી મેં નથી જોયું.

આશા કહે, 'કેમ શું થયુ?' તેને ધ્રાસકો પડયો.

પેલા ભાઈ કહે, 'અરે ગભરાશો નહિ બેન, એવું છે કે અમે તો ઘણાં ગામમાં કામ કરીએ. એટલે અમને ખબર કે તળાવનું કામ શરૂ કરો ત્યાં જ માથાજીક શરૂ થાય. ખાસ કરીને તળાવની માટી ક્યાં નાખવી એ બાબતે. કાંપવાળી માટી હોય એટલે બધાને જોઈએ. અને જેમ ઊંડા જઈએ તેમ તેમ ઘરનાં આંગણામાં પુરાણ કરવાવાળા આવી જાય. મોટાભાગના ગામમાં સરપંચ કે આગેવાનને ત્યાં માટી જાય. એટલે બાકીના લોકો અમારી સાથે ઝગડવા આવી જાય. મારામારી સુધી વાત પહોંચી જાય. પણ તમારા ગામમાં

કામ શરૂ કર્યુ ત્યારથી અત્યાર સુધી કોઈ ઝગડવા નથી આવ્યું. શાંતિ થી કામ ચાલે છે.'

આશાની ચિંતા હવે કુતૂહલમાં ફેરવાઈ. તેનાથી સહજ નીકળીગયું,' એવું ! તો અહીં માટીનું શું કરો છો ?

પેલા ભાઈ કહે, 'જસાકાકા અને કોનજી આયા'તા. આવીને કહે કે માટીનું અમે નક્કી કરી નાખ્યું છે. બેન, તમે નહીં માનો પણ કોઈને કશી ફરિયાદ નથી. તમારું ગામ મજાનું છે !'

આ સાંભળી આશાના કોઠે ટાઢક વળી.

તે સીધી જશુભાઈને મળવા ગઈ.

જશુભાઈ કહે, 'બેન, મુ અન કોનજી બધા ઘરે નોટ લઈ ફરી વળ્યા. દરેક ઘરને બે બે ટ્રેક્ટર માટી મલશે. પછી વધે તો જેને જોઈતી હશે ઈને એક ટ્રેક્ટરના ૫૦ લેખે મલશે. કુને ચેટલી માટી જોઈએસ ઈ નોટમાં લખી લીધુંસ. તમારા ઓગણામોયે બે ટ્રેક્ટર નાખવાના સીએ. મારું અન કોનજીનું ઘર હંધાયથી સેલ્લે!'

આશા આ વ્યવસ્થા વિશે સાંભળી આનંદિત થઈ ગઈ. તેને થયું કે આજે ગામ પોતાના નિર્ણય કરતું થયું છે. તે હવે સ્વભાવ બને તો સોનામાં સુગંધ ભળે. સૌથી અગત્યની વાતએ હતી કે આ સમગ્ર પ્રક્રિયામાં આશા કે વિકાસ ક્યાંય ન હતા!

ક્રમશઃ

મો.૯૪૨૫૪ ૧૨૮૪૧

**લોકભારતી**

વિશાલ જોષી 'સ્નેહ'

ધન્ય ધન્ય ધરા નવપલ્લવ , લોકભારતી અમ સર્વ.
અવિરત અમીમય વિદ્યા અભિનવ, લોકભારતી અમ ગર્વ.

અહીં ઋષિના કુળ સરીખી કેળવણીની ગંગોત્રી,
અહીં અનુભવ સાથ અનુબંધ, સંગમની યમનોત્રી.

લોક ઉજાગર વહેતો કલરવ, લોકભારતી અમ પર્વ.
ધન્ય ધન્ય ધરા નવ પલ્લવ, લોકભારતી અમ સર્વ.

શ્રમ સાદગી, ગ્રામઉત્થાન ને સર્વોદય આરાધન,
અહીં પ્રકૃતિ ને સંસ્કૃતિ, સમૂહજીવનના આસન.

ગાંધી કેરી પગદંડીએ પગરવ, લોકભારતી અમ અપૂર્વ,
અવિરત અમીમય વિદ્યા અભિનવ, લોકભારતી અમ ગર્વ.
મો.૯૪૨૬૯૨૦૨૫૧

## (૦૪) એક વ્યંગકથાઃ NEETનું પેપર ખરેખર ક્યારે ફૂટ્યું ?

**વિશાલ ભાદાણી**

એક ગામ હતું. નામ હતું 'સફળપુર'. ત્યાં હોસ્પિટલમાં ડૉક્ટર માતાને પૂછતાંઃ 'નૉર્મલ ડિલિવરી રાખવી કે NEET-ઓરિયેન્ટેડ ડિલિવરી ?'

માતા ઘોડિયામાં સુતેલ બાળકને હાલરડાં નહીં, Biologyના MCQ સંભળાવતી. પિતા પહેલા જન્મદિવસે રમકડાં નહીં, 'ફાઉન્ડેશન બેચ'માં ઍડમિશનની ગિફ્ટ આપતા. બાળકોને તો પોતાનું બ્લડગ્રુપ ખબર ન હોય, પણ Cut-off છેલ્લા પાંચ વર્ષનું મોઢે આવડતું.

સફળપુરમાં 'સફળતા માતાનું'નું એક બહુ મોટું મંદિર હતું. મંદિરના પ્રવેશદ્વારે લખેલું હતુંઃ 'સફળતામેવ જયતે.' અહીંયા પ્રસાદને બદલે AIRના સપના આપવામાં આવતા! મંદિરમાં એક વિશેષ ઘંટ હતો. જે વિદ્યાર્થી ૭૦૦ + સ્કોર કરે એ જ વગાડી શકે અને બાકીના...

અહીંના બાળકને પૂછો, 'શું બનવું છે ?' તો જવાબ આપેઃ 'જેમાં package સારું હોય એ.'

આત્મા કદાચ પાછળથી ધીમેથી કહેશેઃ 'મને તો કંઈક બીજું જ કરવું હતું...'

ને સમાજમાં માણસ ખુશ છે કે નહીં એ પૂછાતું નથી. પણ 'સેટ થયો કે નહીં ?' એ જરૂર પૂછાય છે.

એક દિવસ સમાચાર આવ્યાંઃ 'પરીક્ષાનું પેપર ફૂટી ગયું !' સફળપુર ધ્રુજી ઊઠ્યું.

ટીવી. પર ચર્ચાઓ શરૂ થઈઃ

'નૈતિકતાનું પતન !'

'યુવાનોનું ભવિષ્ય ખતરામાં !'

'આખરે જવાબદાર કોણ ?'

કેટલાક નેતાઓએ કડક નિવેદન આપ્યાં. કેટલાકે નવી કમિટી બનાવી.

આ સમાચાર સાંભળીને ગામના પાદરમાં એક વૃદ્ધ હસવા લાગ્યો. એક યુવાન ગુસ્સામાં ત્યાં આવ્યોઃ 'દાદા, તમને હસવું કેમ આવે છે ? દેશ બરબાદ થઈ રહ્યો છે !'

વૃદ્ધ બોલ્યોઃ 'મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે તમને હજુ આશ્ચર્ય થાય છે.'

યુવાન ચોંકી ગયો. વૃદ્ધ ધીમે બોલ્યોઃ 'બેટા, પેપર આજે નથી ફૂટ્યું. પહેલાં બાળપણ ફૂટ્યું. પછી જિજ્ઞાસા ફૂટી. પછી રમવાની ઈચ્છા ફૂટી. પછી શિક્ષણનો અર્થ ફૂટ્યો. હવે ફક્ત પ્રશ્નપત્ર ફૂટ્યું છે, એટલે સૌને દેખાઈ ગયું. બેટા, કેન્સર શરીરમાં વર્ષો પહેલા શરૂ થઈ જાય છે. મરણ તો ફક્ત છેલ્લા સમાચાર હોય છે.'

યુવાને પૂછ્યું, 'એમ નહીં પણ જવાબદાર કોણ ?'

વૃદ્ધે કહ્યું, 'સરકાર, હું અને તું ! આ આપણા સમયનું એક આધ્યાત્મિક દર્પણ છે. કૂતરું પૂછડી હલાવે એ બરોબર કહેવાય પણ જ્યારે પૂછડી કૂતરાને હલાવે ત્યારે આવું જ થાય ! આપણી સફળતાની ઘેલછા પૂછડી છે અને જીવનની સાર્થકતા કૂતરું ! આપણા ગામમાં જે સફળતાના ઉત્સવો થાય છે એ જ મોટી સમસ્યા છે. કારણકે સફળતા હંમેશાં બીજાની નજર પર આધારિત હોય છે. તેમાં આંતરિક શાંતિ નથી, માત્ર સરખામણી છે. સરખામણીમાંથી જન્મેલો સમાજ ક્યારેય નિર્દોષ રહી શકતો નથી. એમાં ધીમે ધીમે માણસ

'ફૂટ્યા' જ કરે છે!'

યુવાને વેધક પ્રશ્ન પૂછ્યોઃ 'પણ આવું ક્યાં સુધી ચાલશે?'

વૃદ્ધે કહ્યું, 'જયાં સુધી માણસ સફળ થવાની ઉતાવળમાં જીવવાનું ભૂલ્યા કરશે ત્યાં સુધી.'

જયાં સુધી માતાપિતા સંતાનમાં માત્ર 'કેરિયર' જોશે ત્યાં સુધી.

જયાં સુધી શિક્ષણ જ્ઞાનપ્રાપ્તિનું નહીં, પણ સામાજિક પ્રતિષ્ઠા મેળવવાનું સાધન રહેશે ત્યાં સુધી. જયાં સુધી સરકાર વિચારવાન નાગરિકો કેમ તૈયાર થાય એ વિચારશે નહીં ત્યાં સુધી અને જયાં સુધી સમાજ માણસને એની આવકથી માપશે ત્યાં સુધી.'

અને સફળપુરમાં બીજા દિવસે ફરી બધું સામાન્ય થઈ ગયું.

કોચિંગ ક્લાસો ફરી ભરાયા. મંદિરમાં ફરી ભીડ લાગી. સરકારે નવી જાહેરાતો કરી. માતા-પિતાએ ફરી બાળકોને કહ્યું, 'બેટા, બસ એકવાર સફળ થઈ જાઓ... પછી શાંતિથી જીવી લેજો.'

મો.૯૪૨૬૮૮૫૩૮૭

**એમ કે ???**

ક્યોટો ઝેનપંથની વૈશ્વિક રાજધાની ગણાય છે. ક્યોટોના ફળિયામાં હકુ ઈન નામના એક ઝેન સાધુ રહેતા હતા એજ ફળિયામાં અનાજનો એક વેપારી પણ રહેતો હતો એની દીકરી ખૂબ રૂપાળી હતી. એક દિવસ એના માતાપિતાને ખબર પડી કે દીકરીને મહીના જાય છે, દીકરી બે જીવ છે. ખૂબ દબાણ કર્યું તોય દીકરીએ પુરુષનું નામ ન આપ્યું. બહુ દબાણ થયું ત્યારે દીકરીએ ઝેન સાધુ હકુ ઈનનું નામ આપ્યું. માતાપિતા ક્રોધથી રાતાંપીળાં થઈ ગયાં. બાળકના જન્મ પછી તેઓ બાળક લઈને હકુ ઈન પાસે પહોંચ્યા અને બોલ્યા કે, 'રાખો આ તમારૂં પાપ, અમે તમને સાધુ માન્યા હતા પરંતુ તમે તો બદમાશ નીકળ્યા' હકુ ઈને બે હાથમાં બાળકને લીધું અને એટલું જ બોલ્યા કે એમ કે ?.....

થોડા દિવસ બાદ પેલી દીકરીને પસ્તાવો થતાં તેમણે પોતાના માતાપિતાને સાચી વાત જણાવી કે, 'બાળકનો બાપ તો ક્યોટોની માછલી બજારમાં રહેતો યુવક છે, ઝેન સાધુ હકુ ઈન તો નિર્દોષ છે' દીકરીનાં માતાપિતાનો પસ્તાવાનો પાર ના રહ્યો. 'અમે અપરાધી કાંઈ ન સમજ્યાં ન ઓળખ્યા ભગવંતને' આવા ભાવથી ફરી તેઓ સાધુ હકુ ઈન પાસે પહોંચ્યા ત્યારે હકુ ઈન પેલા બાળકને દૂધ પિવડાવી રહ્યા હતા દીકરીનાં માતાપિતાએ હકુ ઈનને સાચી વાત જણાવી અને માફી માંગી, બાળકને પાછું માગ્યું. સહજ રીતે સ્મિત કરી માતાપિતાના ખોળામાં બાળક મૂકતી વખતે ઝેન સાધુ હકુ ઈન એટલું જ બોલ્યા કે એમ કે ? ...

'એમ કે ?' શબ્દોમાં પૂરૂ સમત્વ હતું. ગીતામાં કહ્યું છે કે 'સમત્વં યોગ ઉચ્યતે' .... ભગવાન બુધ્ધે ચાર આર્ય સત્ય પ્રયોજયા છે, તેમાં જણાવ્યું છે કે, દુઃખ છે. દુઃખનું કારણ છે. દુઃખનો ઉપાય છે. ઉપાય શક્ય છે.

## (૦૫) ડિજિટલ કોર્નરઃ છેલ્લી પેન

**અનામી**

સ્થળઃ મદુરાઈ, મીનાક્ષી મંદિરનું પ્રવેશદ્વાર.

વ્યક્તિઃ પેરિયાસામી.

ઉંમર ૬૦ વર્ષ. દરરોજ સવારે ૬ વાગ્યે તે મંદિરના પ્રવેશદ્વાર પર બેસતા. તેમની સામે એક નાનકડું કપડું પાથરેલું હોય, જેના પર પેન, પેન્સિલ, રબર અને કંપાસ બોક્સ જેવી વસ્તુઓ ગોઠવેલી હોય. એક ફૂટપાથ પરની દુકાન. પણ ખાસ કોઈ ધંધો નહીં. પેરિયાસામીનો એક નિયમ હતો. જ્યારે પણ કોઈ બાળક પેન માંગવા આવે, ત્યારે તે પહેલા પૂછતાઃ

''બેટા... શું પરીક્ષા આપવા જાય છે ?''

''હા દાદા. આજે ગણિતનું પેપર છે. હું પેન ભૂલી ગયો છું.''

તરત જ પેરિયાસામી એક સારી પેન પસંદ કરીને તેને આપતા.

''આ લે. આ લકી પેન છે. જા, ૧૦૦માંથી ૧૦૦ માર્ક લાવજે.''

''કેટલા રૂપિયા થયા દાદા?''

''પૈસા પછી, પહેલા પરીક્ષા આપી આવ. પછી આવીને તારા માર્ક કહેજે, ત્યારે પૈસા ચૂકવજે.''

બાળકો હસીને દોડી જતા. તેઓ ક્યારેય પાછા ન આવતા, અને પેરિયાસામીએ ક્યારેય કોઈને પૂછ્યું પણ નહીં.

તેમની પત્ની થંગમ તેમને વઢતીઃ

''તમે શું ગાંડા થઈ ગયા છો ? એક પેન દસ રૂપિયાની આવે. જો તમે આવી રીતે મફત આપશો, તો આપણે શું ખાઈશું ? ઘરનું ભાડું કોણ ભરશે ?''

પેરિયાસામી એક જૂની ડાયરી કાઢતા. તેમાં તેમણે તારીખ પ્રમાણે નોંધ લખી હતીઃ

'' તા.૧૨.૦૩.૨૦૧૦ - રમેશ - ગણિતની પરીક્ષા - પેન - બાકી''

''તા.૦૫.૦૬.૨૦૧૧- સુમતી - હિન્દીની પરીક્ષા - પેન - બાકી''

''તા.૧૮.૦૯.૨૦૧૩ - મુરુગન -૧૦માંની બોર્ડ પરીક્ષા- પેન - બાકી''

આખી ડાયરી આવી 'બાકી' વિગતોથી ભરેલી હતી. ગણતરી કરી તો લગભગ ૩,૦૦૦ પેન. ત્રીસ હજાર રૂપિયા થાય.

તેઓ પત્નીને કહેતાઃ ''જો થંગમ, આ દેવું નથી, આ મારું 'રોકાણ' છે. એક દિવસ તે જરૂર પાછું આવશે.''

થંગમ નિસાસો નાખતીઃ ''તમારું આ રોકાણ ધૂળમાં મળી જશે. તમે હવે ઘરડા થયા છો, હવે કોણ પાછું આવવાનું છે ?''

વીસ વર્ષ વીતી ગયા. પેરિયાસામી હવે ૮૦ વર્ષના થયા હતા. આંખે ઝાંખપ આવી ગઈ હતી અને સાંભળવાનું પણ ઓછું થઈ ગયું હતું. છતાં, આજે પણ તે જ મંદિરના દરવાજે, એ જ કપડું પાથરીને બેસતા. પણ હવે બાળકો જેલ પેન અને ઓનલાઇન વસ્તુઓ વાપરતા, એટલે તેમનો ધંધો સાવ ઠપ હતો. ઘરમાં પણ હવે ખર્ચને પહોંચી વળાતું નહીં, તેમ છતાં એ તો રોજ આવીને એ જ કામ કરતા.

એક સવારે, મંદિરના દરવાજે એક મોટી ગાડી આવીને ઊભી રહી. લગભગ ૩૫ વર્ષનો એક માણસ બહાર આવ્યો- સૂટ- બૂટમાં સજ્જ, હાથમાં ફૂલોનો ગુલદસ્તો. તે સીધો પેરિયાસામી પાસે ગયો અને તેમના ચરણ સ્પર્શ કર્યા.

''દાદા... મને ઓળખ્યો ?''

પેરિયાસામીએ આંખો ઝીણી કરીને જોવાનો પ્રયત્ન કર્યો. ''બેટા... હું હવે ઘરડો થયો છું. મને બરાબર દેખાતું

નથી.''

''દાદા... ૧૮ વર્ષ પહેલાં... ૧૦માંની બોર્ડની પરીક્ષા હતી. ગણિતનું પેપર. તે સવારે હું રડતો રડતો આવ્યો હતો. મારી પેન તૂટી ગઈ હતી અને મારી પાસે પૈસા નહોતા. તમે મને એક પેન આપી હતી અને કહ્યું હતું કે, 'આ લકી પેન છે, જા ૧૦૦ માર્ક લાવજે.' તમે પૈસા નહોતા લીધા.''

પેરિયાસામીને ઝાંખી યાદ આવી. ''બેટા... તું...''

''હું મુરુગન, દાદા. મેં એ પેનથી જ પરીક્ષા લખી અને ૯૮ માર્ક લાવ્યો. હું પાસ થયો, કૉલેજ ગયો અને આજે મારી પોતાની સૉફ્ટવેર કંપની છે- 'પેન્ના ટેક્નોલોજીસ'. મારી જિંદગી તમારી એ પેનથી શરૂ થઈ હતી.''

પેરિયાસામીની પત્ની થંગમ ઉંબરામાં ઊભી રહીને આ સાંભળતી હતી, તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

મુરુગને એક કવર કાઢ્યું. ''દાદા... તે દિવસે મારે તમને ૧૦ રૂપિયા આપવાના હતા. આજે હું વ્યાજ સાથે પાછા આપું છું.''

અંદર દસ લાખ રૂપિયાનો ચેક હતો.

પેરિયાસામીના હાથ ધ્રૂજવા લાગ્યા. ''બેટા... મારે પૈસા નથી જોઈતા. તું સફળ થયો, એ જ ઘણું છે.''

''ના દાદા. આ પૈસા નથી. આ તમારું રોકાણ છે - જે નફા સાથે પાછું આવ્યું છે. હવે તમારે આ ફૂટપાથ પર બેસવાની જરૂર નથી. હું તમારા બંનેની જવાબદારી લઉં છું.''

બીજા દિવસે છાપામાં હેડલાઇન હતીઃ '' સૉફ્ટવેર ઉદ્યોગપતિએ ફૂટપાથ પર બેસતા દાદાને ૧૦ લાખની ગુરુદક્ષિણા આપી.''

આ સમાચાર વાંચીને બીજા દિવસે બીજી ગાડી આવી. ''દાદા, હું સુમતી. મેં તમારી પાસેથી હિન્દીની પરીક્ષા માટે પેન લીધી હતી. આજે હું હિન્દીની શિક્ષિકા છું.''

પછી રમેશ આવ્યો. ''દાદા, હું આજે ઑડિટર છું. મારી જિંદગીની પહેલી બેલેન્સ શીટ તમારી પેનથી લખાઈ હતી.''

એક અઠવાડિયામાં તો મંદિરના દરવાજે જાણે લગ્નનો માહોલ જામ્યો. ડૉક્ટરો, એન્જિનિયરો, કલેક્ટરો, પોલીસ ઓફિસર-બધા લાઈનમાં આવ્યા, પેરિયાસામીના પગે લાગ્યા અને ફૂલો, ફળો અને કવર ભેટમાં આપ્યા.

થંગમે જૂની ડાયરી કાઢી. ૩૦૦૦ નોંધ હતી, ૩૦,૦૦૦ રૂપિયા બાકી હતા. પણ આજે જે પાછું આવ્યું હતું તેની કિંમત ૩ કરોડથી પણ વધુ હતી.

પેરિયાસામી રડી પડ્યા અને બોલ્યાઃ ''થંગમ... મેં તને કહ્યું હતું ને. આ દેવું નહોતું. આ તો બીજ હતા. મેં એ વાવ્યા હતા અને આજે તે એક મોટું જંગલ બની ગયા છે.''

આજે મીનાક્ષી મંદિરના પ્રવેશદ્વાર પર એક મોટી દુકાન છેઃ ''પેરિયાસામી પેન સ્ટોર.'' જેનું કોઈ ભાડું નથી, કારણ કે મુરુગને તે દુકાન ખરીદી લીધી છે.

દુકાનમાં એક બોર્ડ મારેલું છેઃ

''અહીં પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓ માટે પેન મફત છે. ફક્ત પાછા આવીને તમારા માર્ક કહેજો. પૈસા કંઈક બનીને આપશો.''

તેની નીચે એક નાની લાઈન લખેલી છેઃ

''દસ રૂપિયાની એક પેન જિંદગી બદલી શકે છે. વિશ્વાસ રાખજો.''

અને તમને ખબર છે આજે એ દુકાન કોણ ચલાવે છે?

મુરુગન- પેલી સૉફ્ટવેર કંપનીનો માલિક. અઠવાડિયામાં બે વાર તે પોતાનો સૂટ ઉતારીને દુકાનમાં બેસે છે અને બાળકોને પેન આપીને કહે છેઃ ''બેટા, આ લકી પેન છે. જા, ૧૦૦ માંથી ૧૦૦ માર્ક લાવજે.''

તમે જે આપો છો તે માત્ર પેન નથી- તે એક આશા છે. એક ભરોસો છે. એક ભાવ છે. એક દિવસ એ ભરોસો પાછો આવશે અને તમારા ચરણોમાં નમશે. તે દિવસે તમને સમજાશે કે- તમે ક્યારેય ગરીબ નહોતા. તમે ખરેખર ખૂબ જ અમીર હતા.

## (૦૬) સંવાદી, પ્રસન્ન સમાજ માટેનું દર્શનઃ જીવનવિદ્યા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

**ભૌતિકશિક્ષણનો સ્થૂળ વ્યાપ :** ઔદ્યોગિક ક્રાંતિ પછી છેલ્લાં ૩૦૦ વર્ષમાં ભૌતિકશિક્ષણનો અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. છેલ્લાં ૭૫ વર્ષમાં સાક્ષરતાની ટકાવારી ૧૮ (૧૯૫૧)થી વધીને ૭૪ થઈ છે. કુલ સ્નાતકોની સંખ્યા ૧૪ કરોડ છે. શિક્ષણ સાથે વિસ્તરણ અને સંશોધનના અનુબંધના ફલસ્વરૂપ આપણી ઓળખ અલ્પવિકસિત દેશમાંથી વિકાસશીલ દેશમાં રૂપાંતરિત થઈ છે. આધુનિક શિક્ષણના પિતામહ સ્વિટઝરલેન્ડના જહોન પેસ્ટોલોજી (૧૭૪૬થી ૧૮૨૭) એ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશ્યો સ્પષ્ટ કહયા હતા કે તે ત્રણ એચ : હેડ, હાર્ટ અને હેન્ડ, મસ્તિષ્ક, હૃદય અને હાથની કેળવણી છે. એ જ રીતે ભારતમાં હન્ટર શિક્ષણ કમિશન (૧૮૮૨)થી નેશનલ નૉલેજ કમિશન (૨૦૨૫) સુધી અનેક પંચોએ શિક્ષણની ગુણવત્તા અને શ્રેષ્ઠતા વૃદ્ધિ માટે અનેકવિધ ભલામણો કરી છે પણ 'સા વિદ્યા યા વિમુકતયે' જે વિદ્યા રાગ-દ્વેષ, ષડ્‌રિપુ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષામાંથી મુકિત આપે તે સૂત્રની વિભાવના હજુ સાકારિત થઈ શકી નથી. ભૌતિકશિક્ષણ માનવજાતને પાંખ આપે છે પણ આંખ નથી આપતી. તેથી વર્તમાનમાં માણસ પાસે બધી જ સગવડો હોવા છતાં એ કંટાળો અને હતાશાનો ભોગ બનેલ છે.

૧. ભારતમાં ચિંતા, તાણ અને વિષાદને કારણે દર વર્ષે ૧ લાખની વસતીએ ૧૨ લોકો આત્મહત્યાનો ભોગ બને છે. છેલ્લાં ૪ વર્ષમાં અનિદ્રા દૂર કરવાની દવાના વેચાણમાં ૨૭% વૃદ્ધિ થઈ છે.

૨. હિંસકવૃત્તિ, અજંપો, અશાંતિ, અસહિષ્ણુતા અને સમાધાનવૃત્તિના અભાવને લીધે ભારતની અદાલતોમાં ૪.૪ કરોડથી વધુ કેઈસ પેન્ડિંગ છે.

૩. આવક અને સંપત્તિની અસમાનતા વધતી જાય છે. ઉપલા ૧% લોકો પાસે ૪૦% સંપત્તિ છે જયારે નીચલા ૫૦% લોકો પાસે ૩% છે.

૪. ભારતમાં વૃદ્ધિદરની ૭થી ૮%ની ટકાવારીને પરિણામે પ્રાકૃતિક સંસાધનોનો વધુને વધુ વપરાશ થઈ રહ્યો છે પણ પર્યાવરણ સંતુલનની બાબતમાં આપણે સભાન નથી. વિશ્વમાં દર વર્ષે ૩૮ અબજ ટન કાર્બન ઉત્સર્ગ થાય છે.

૫. અત્યારે વિશ્વ આતંકવાદ અને યુદ્ધોથી ગ્રસ્ત છે. દરેક દેશ અમાનવીય રીતે યુદ્ધમાં ઉપયોગી શસ્ત્રોના ઉત્પાદનમાં રત છે.

**(૨) સંવાદી સમાજ માટે જીવનવિદ્યા :** ઉપરોકત સમસ્યાઓના નિવારણ માટે ૬૦૦૦ વર્ષમાં ૪ 'વેદ', 'ઉપનિષદ', 'શ્રીરામચરિતમાનસ' 'શ્રીમદ્‌ ભગવદ ગીતા', 'ભાગવત', 'કુરાન' અને 'બાઈબલ' જેવા અનેક શાસ્ત્રો રચાયા પણ તેનું જ્ઞાન ગહન હોવાથી, વિવિધ સંપ્રદાયો અને ધર્મો આ જ્ઞાનનું સામાન્ય લોકો સુધી વિતરણ કરવામાં સફળ થયા નથી. તેથી સુખી અને સંવાદી જીવન જીવવા માટે કર્ણાટકના શ્રદ્ધેય શ્રી નાગરાજજીએ મધ્યસ્થ દર્શન, સહઅસ્તિત્વવાદની ૫૫ વર્ષ પૂર્વે મૂલ્યવાન ભેટ આપી છે. તેમણે રચેલા ૧૨ ગ્રંથોના કેન્દ્રમાં છે જીવનવિદ્યા. આ વિદ્યા એ કોઈ પરંપરાગત કર્મકાંડ કે વિધિવિધાન નથી પણ અર્થપૂર્ણ, આનંદી, વ્યકિતગત, પારીવારિક, વ્યવસાયિક, સામાજિક અને વૈશ્વિક જીવન કઈ રીતે જીવી શકાય તે માટે દીર્ઘકાલીન દર્શન આધારિત પ્રસ્તાવ પ્રસ્તુત કરે છે. દા.ત. સ્વયં અને જડ,ચૈતન્ય અસ્તિત્વની જાણકારી, પરિવારમાં સમરસતા, એકસૂત્રતાની સ્થાપના, બાળકોનો શારીરિક, માનસિક, ભાવનાત્મક વિકાસ અને માનવ સંબંધોમાં તૃપ્તિ, સંતોષ અને વિશ્રામની અનુભૂતિ થાય છે. આજે માણસ પાસે જીવન જીવવાના અનેક રસ્તાઓ અને વિચારો છે. કોઈ એક વિચારધારા જો જીવનધારા બને તો માણસની જીવનદિશા ઉચિત રસ્તે આગળ ધસે છે. નિત્ય સુખ અને સાર્થકતાની, જિજ્ઞાસા હોય તો જીવનવિદ્યા વિષયને ઊંડાણપૂર્વક સમજીને આચરણમાં રાખવી જોઈએ.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

# (૦૭) નિષ્ફળતા : સફળતા માટેનું પહેલું પગથિયું

ડૉ. દિનેશ પરમાર

વિશ્વશાંતિના કવિ ઉમાશંકર જોશીએ કવિતામાં કહ્યુ છે કે,

'મને મળી નિષ્ફળતા અનેક,

તેથી સફળ થયો જિંદગીમાં હું કંઈક.'

નિષ્ફળતા એ સફળતાને પ્રશસ્ત કરતો ધોરીમાર્ગ છે. માનવજીવન સુંવાળું, લીસું અને સરળ તો નથી જ. નિષ્ફળતાનો માર અને સફળતાનો ખાર જે પચાવી શકે તે જ માણસ જીવનમાં ઊર્ધ્વગામી ગતિશીલતા પ્રાપ્ત કરી શકે. સામાન્ય રીતે જીવનની અનેક પીડાઓ વેંઢારીને પછી જ જીવનસાફલ્યનો સ્વાદ ચાખવા મળે તે સ્વાદ અમૃત જેવો હોય છે. સોનાની ચમચી સાથે જન્મેલા ગર્ભશ્રીમંત લોકોના નબીરાઓને નિષ્ફળતા જોડે કોઈ ઓળખાણ થઈ હોતી નથી, પરંતુ ડગલે અને પગલે જેઓ જીવન ટકાવી રાખવા માટે સંઘર્ષ કરતા હોય તેમને નિષ્ફળતા કોઠે પડી ગઈ હોય છે. કહો કે, તેમને નિષ્ફળતા સાથે પાક્કી દોસ્તી બંધાય ગઈ હોય છે. તેઓ નિષ્ફળતાથી ડરી, હથિયાર હેઠા મૂકી પલાયનવાદીવૃત્તિ ધરાવતા નથી, પરંતુ કુદરત પર અખૂટ શ્રદ્ધા રાખીને સંજોગો અને પડકારો સામે સામી છાતીએ બાથ ભીડે છે, તેના પરિણામે કાં તો તેમને સફળતા મળે છે અને કાં તો બોધપાઠ !

વિદ્યાર્થીજીવનમાં ઘણા વિદ્યાર્થીઓ ધાર્યું પરિણામ મેળવવામાં નિષ્ફળ જતા હોય છે. આથી નિરાશ થઈને ઘણી વખત અભ્યાસ છોડી દેતા હોય છે, કાં તો જીવનને છોડી દેતા હોય છે. રાજસ્થાનના કોટા તેમજ દેશના અન્ય શહેરોમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના બનાવો છાશવારે જોવા અને સાંભળવા મળે છે, જેના કારણોથી આપણે કોઈ અજાણ તો નથી જ, પણ આંખ આડા કાન કરીએ છીએ. બાળકોને શાળાકક્ષાએ કે ઉચ્ચશિક્ષણક્ષેત્રે થોડી નિષ્ફળતા મળે તો, જાણે પોતે જીવન હારી ગયા હોય તેવું માને છે. પોતે કશાય કામના રહ્યા નથી તેવો અપરાધભાવ તેઓને બેચેન કરી મૂકે છે સામાન્ય રીતે આજે વિદ્યાર્થીઓનું શાળા અને ઘરકક્ષાએ જે ઘડતર થવું જોઈએ તે થતું નથી, તે આવી ઘટનાઓના આધારે સ્પષ્ટ થાય છે. વર્ષો પહેલા કોઈ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હોય તેવું જોવા કે સાંભળવા જવલ્લે જ મળતું. શિક્ષણ વધ્યું છે પણ સાથેસાથે સંતાપ પણ એટલો જ વધ્યો છે, તે કહેવું અનુચિત નહીં લેખાય. નિષ્ફળતાના કારણે કોઈ પશુ, પંખી કે અન્ય જીવોએ આત્મહત્યા કરી હોય તેવું જોયું કે સાંભળ્યું નથી.

વિશ્વની મહાન વિભૂતિઓને પણ ઘણી નિષ્ફળતાઓ મળ્યાં પછી જ બાપડી સફળતા સાંપડી છે ! અબ્રાહમ લિંકનને કેટલી ચૂંટણી હાર્યા પછી જીતનો સ્વાદ ચાખ્યો તે આપણે ક્યાં નથી જાણતા ? થોમસ આલ્વા એડીશન અનેક વખત નિષ્ફળ ગયા પછી જ કંઈક પામી શક્યા છે. આઈન્સ્ટાઈન દુનિયાના સૌથી વધારે બુદ્ધિશાળી વ્યક્તિ જોવા છતાં પોતાના ભૂલકણા સ્વભાવથી પીડાતા હતા ! ડૉ.બાબાસાહેબને કેટલો સંઘર્ષ વેઠ્યા પછી નૂતન ભારતનો મજબૂત પાયો નાખવામાં સફળતા મળી. બચેન્દ્રી પાલ અને અરુણિમાસિંહે કંઈ ઓછા સંઘર્ષો નથી જોયા. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ,

એ.પી.જે. અબ્દુલ કલામ વગેરેને રાતોરાત સફળતા નથી મળી. વર્ષોની કાર્યસાધના, સાતત્યપૂર્ણ પ્રયાસો, ધીરજ અને પુરુષાર્થનું તપ પાક્યા પછી તેઓ કંઈક અંશે સુવર્ણરૂપી સફળતા પામ્યા છે.

સામાન્ય રીતે નિષ્ફળતા થોડા સમય માટે જે તે વ્યક્તિના આત્મવિશ્વાસને ખંડિત કરે છે, સપનાઓ ચકનાચૂર કરી દે છે, જીવનને દિશાવિહીન બનાવે છે, પરંતુ નિષ્ફળતાના કારણોનો તલસ્પર્શી અને ઊંડાણપૂર્વક અભ્યાસ અને વિશ્લેષણ કરવામાં આવે અને જીવનપ્રત્યે વિધાયક દષ્ટિકોણ દાખવવામાં આવે તો, નિષ્ફળતા એ અંત નથી પણ જીવનની નવી શરૂઆત છે, તે વિધાન યથાર્થ સાબિત થઈ શકે છે. નિષ્ફળતાનો અર્થ હંમેશા હાર થતો નથી, ક્યારેક એ નવીન શીખવા માટેનો સુવર્ણ અવસર પણ બની રહે છે.

નિષ્ફળતા આપણને ઘણું બધું શીખવે છે. જો નિષ્ફળતાને મજબૂત મનોબળ થકી સકારાત્મક દષ્ટિએ જોવામાં આવે તો, લાંબાગાળે ફાયદાકારક છે. જેમ કે, નિષ્ફળતા આપણા અહંકારને નાબૂદ કરે છે. આપણી પોતાની જ ભૂલોનું મનોવિશ્લેષણ કરી સાચું કે ખોટું તારવતા શીખવે છે. જીવન પ્રત્યે નવો અભિગમ કેળવાય છે. ધૈર્ય અને આત્મસંયમનો ગુણ પણ વિકસે છે. ફિનિક્સ પક્ષીની માફક રાખમાંથી બેઠા થવાનું ઝનૂન જાગે છે.

જ્યારે કોઈ વિદ્યાર્થીને નિષ્ફળતા મળે છે, ત્યારે વાલીઓએ તેની ટીકા કરવાની જગ્યાએ ટેકો કરવાની જરૂર હોય છે, પણ આપણે ત્યાં અવળી ગંગા વહે છે. એક તો બાળકે પરીક્ષા માટે પૂરો પ્રયાસ કર્યો હોય છે, તેમાંય જ્યારે તે નિષ્ફળ જાય ત્યારે માનસિક રીતે ભાંગી પડે છે. આવા સમયે તેને સાંત્વના આપવાની જગ્યાએ બધા તેને મેણાંટોણાં સંભળાવે છે. ખરેખર આ સમયે તેને માનસિક સધિયારાની તાતી જરૂરિયાત હોય છે. બાળક મજબૂત મનોબળે નિષ્ફળતા સ્વીકારે, તેનું વિશ્લેષણ કરે અને વિધાયક દષ્ટિ કેળવી પુનઃપ્રયાસ કરે તો જરૂર સફળતા મળે છે. કહેવાય છે ને કે, સફળતા એક દિવસમાં નથી મળતી પણ એક દિવસ જરૂર મળે છે.

અંતે, જે નિષ્ફળતા મેળવે છે, તેને માત્ર નિષ્ફળતા જ મળતી નથી પણ સાથેસાથે જીવનના અમૂલ્ય બોધપાઠો પણ મળતા હોય છે. ખરા અર્થમાં સફળ એ જ છે, જે પડીને પણ ઊભા થાય છે. સફળતા સુધી પહોંચવા માટે ઘણીવાર નિષ્ફળતાના રસ્તા પરથી પસાર થવું પડે છે. નિષ્ફળતામાંથી ધડો લઈને તેને પોતાની ગુરુ બનાવીએ તો, તે જરૂર આપણને સફળતા તરફ દોરી જશે.

થોડા સમયથી ઉડતા શીખેલું મચ્છર ઉડીને પાછું તેની મા પાસે આવે છે. ત્યારે મા પૂછે છે, 'કેવું લાગે છે તને બેટા ?' મચ્છર કહે છે, 'ઉડવાની ખૂબ મજા આવે છે અને હું જ્યાં જાઉં છું ત્યાં લોકો મને તાળીઓથી વધાવે છે. મને કેટલું માન સન્માન આપે છે મા !'. મચ્છરની મા કહે છેઃ 'ઉડવાની મોજ માણજે બેટા, આ તાળીઓ પાછળ ન જતો, તાળીઓ આપણા માટે પ્રાણઘાતક હોય છે.'

મચ્છરની માએ કહેલી વાત શું આપણને પણ લાગું પડે છે કે ? તાળીઓ ઉઘરાવવાના ધખારામાં આપણે ક્યાંક ઉડવાની મોજ તો નથી ગુમાવતા ને !!!

- પ્રશાંત મહેતા

# (૦૮) ધ્યાનમંત્રો

**ડૉ. સી. ટી. ટૂંડિયા**

ધ્યાનમંત્ર એ મનને શાંત કરવા અને એકાગ્રતા વધારવા માટેનો એક શક્તિશાળી ઉપાય છે, જે આંતરિક શાંતિ, માનસિક સ્પષ્ટતા અને આધ્યાત્મિક જાગૃતિ લાવવામાં મદદ કરે છે. જે ધ્યાનમંત્ર વિદ્યાલયે રાખ્યો હોય છે તે તેના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે મંત્ર બની જાય છે, ધ્યાનમંત્રો આપણને વિદ્યાલયોના પ્રવેશદ્વારો પર વાંચવા મળે છે. કેટલાક વિદ્યાલયોના ધ્યાનમંત્રો આ લેખમાં મૂકીને તેના અર્થોમાં રહેલી વિભાવનાઓ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**( ૧) ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ**

**યોગઃ કર્મસુ કૌશલમ્ ।**

શ્રીમદ્ ભગવદ્દીતાના અધ્યાય-૨ અને શ્લોક ૫૦માં આ પ્રસિદ્ધ શ્લોક છે.

યોગઃ યોગ, કર્મસુ કર્મોમાં (કાર્યમાં) કૌશલમ્ કુશળતા (નિપુણતા/શ્રેષ્ઠતા)

ગૂઢાર્થ (ઊંડો અર્થ): નિષ્કામ કર્મઃ કોઈપણ કાર્ય ફળની આશા કે અહંકાર વગર, સમર્પણ ભાવથી કરવું.

- શ્રેષ્ઠતાઃ પોતાના કાર્યને શ્રેષ્ઠ રીતે, પ્રમાણિકતાથી અને નિષ્ઠાપૂર્વક નિભાવવું.
- સમતુલનઃ કાર્ય કરતી વખતે મનની સ્થિતિ શાંત અને સમતોલ રાખવી.
- મૅનેજમેન્ટઃ આધુનિક દ્રષ્ટિકોણથી, આનો અર્થ કાર્યકુશળતા અને નવીનતાસભર વિચારસરણી સાથે કામ કરવું એવો પણ થાય છે.

સરળ શબ્દોમાં કહીએ તો, 'જે માણસ કોઈપણ કામમાં નિપુણતા કે કુશળતા કેળવે છે, તે જ સાચો યોગી છે.'

**(૨) સરદાર પટેલ યુનિવર્સિટી-વિદ્યાનગર**

**શીલવૃતફલમ શ્રુતમ।**

'શીલવૃતફલમ શ્રુતમ'નો અર્થ નીચે મુજબ થાય છેઃ શીલવૃતફલમઃ શીલ (સારું ચારિત્ર્ય) અને વૃત્ત (સદાચાર/ વર્તણૂક)નું ફળ.

- શ્રુતમઃ સાંભળેલું, જ્ઞાત, અથવા શાસ્ત્રો દ્વારા પ્રમાણિત. સરળ અર્થઃ 'સારા ચારિત્ર્ય અને સદાચારનું ફળ (જે શાસ્ત્રોમાં) સાંભળવામાં કે વર્ણવવામાં આવ્યું છે.'

આ શબ્દપ્રયોગ દર્શાવે છે કે સદાચાર અને સારા સ્વભાવનું પરિણામ હંમેશા શ્રેષ્ઠ હોય છે, જે વેદ-પુરાણોમાં પણ પ્રમાણિત છે.

**(૩) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી - જૂનાગઢ અને**

**(૪) મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી - ભાવનગર**

**તમસો મા જ્યોતિર્ગમય ।**

'તમસો મા જયોતિર્ગમય' એ બૃહદારણ્યક ઉપનિષદનો એક પ્રખ્યાત શ્લોક છે, જેનો અર્થ થાય છેઃ 'હે પ્રભુ, મને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાઓ.' આ મંત્ર અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશ (આત્મજ્ઞાન) તરફ જવાની પ્રાર્થના છે.

મુખ્ય અર્થ અને સમજૂતીઃ

તમસોઃ અંધકાર, અજ્ઞાન, અથવા મોહમાયા. માઃ મને. જ્યોતિરઃ પ્રકાશ, જ્ઞાન, અથવા આત્મજ્ઞાન.

ગમયઃ લઈ જાઓ (ગતિ આપો).

આ મંત્ર આપણને અજ્ઞાન, અહંકાર અને નકારાત્મકતા (અંધકાર) ને છોડીને જ્ઞાન, સત્ય અને દિવ્ય પ્રકાશ તરફ પ્રયાણ કરવા પ્રેરણા આપે છે. તે નિરાશામાંથી આશા તરફ જવા માટેનું માર્ગદર્શન છે. આ પંક્તિ દીપાવલીના તહેવાર સાથે સીધી રીતે જોડાયેલી છે, જે 'અંધકારથી પ્રકાશ તરફ' જવાનો સંદેશ આપે છે.

(૫) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**સા વિદ્યા યાવિમુક્તયે ।**

સા વિદ્યયા યા વિમુક્તયે એ 'વિષ્ણપુરાણ'નો એક પ્રસિદ્ધ સંસ્કૃત શ્લોક છે, જેનો અર્થ થાય છેઃ 'વિદ્યા તે જ છે જે મુક્તિ અપાવે'.

● મુક્તિ એટલે શું ? અહીં મુક્તિનો અર્થ માત્ર મૃત્યુ પછીનો મોક્ષ નથી, પરંતુ જીવન દરમિયાન અજ્ઞાનતા, ભ્રષ્ટાચાર, રાગ-દ્વેષ અને માનસિક બંધનોમાંથી મુક્તિ છે.

● સાચી વિદ્યાઃ જે શિક્ષણ મનને શુદ્ધ કરે, અહંકાર દૂર કરે અને જીવનમાં વિનમ્રતા લાવે, તે જ સાચી વિદ્યા છે.

● અવિદ્યાઃ જે જ્ઞાન માત્ર માહિતી કે આજીવિકા સુધી મર્યાદિત હોય અને વ્યક્તિને અહંકારી બનાવે, તે સાચી વિદ્યા નથી.

આ વાક્યનો હેતુ માનવીને ભૌતિક બંધનોમાંથી મુક્ત કરી સર્વોચ્ચ જ્ઞાન તરફ લઈ જવાનો છે. આ સૂત્ર શિક્ષણનું સાચું લક્ષ્ય નિર્ધારિત કરે છે, જે વ્યક્તિના આંતરિક વિકાસ અને આધ્યાત્મિક જાગૃતિ પર ભાર મૂકે છે.

**( ૬ ) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ - ગાંધીનગર**

**તમસો મા જ્યોતિર્ગમય ।**

● સંપૂર્ણ મંત્રઃ 'અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય'.

● અર્થઃ અસત્યથી સત્ય, અંધકારથી પ્રકાશ અને મૃત્યુથી અમરત્વ તરફ જવાની પ્રાર્થના.

● મહત્ત્વઃ આ મંત્ર દિવાળી જેવા પ્રકાશના પર્વ પર પણ ઘણો સાર્થક ગણાય છે, જે આંતરિક અને બાહ્ય અંધકારને દૂર કરવાની પ્રેરણા આપે છે. જીવનમાં જ્ઞાન, સકારાત્મકતા અને પરમાત્માને સમર્પણની ભાવના દર્શાવે છે. આ મંત્ર મનુષ્યને અસત્યમાંથી સત્ય (અસતો મા સદ્ગમય) અને મૃત્યુમાંથી અમરત્વ (મૃત્યુર્મા અમૃતં ગમય) તરફ જવાની પ્રેરણા આપે છે. આ મંત્ર મનુષ્યને અજ્ઞાનતાના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવા માટે પ્રેરિત કરે છે.

**( ૭) લોકભારતી - સણોસરા**

**અવિદ્યા મૃત્યું તીર્ત્વા વિદ્યયામૃતમશ્નુતે ।**

ઉપરનો ધ્યાનમંત્ર એ ઈશાવાસ્ય ઉપનિષદ (શ્લોક ૧૧) નો એક અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ પંક્તિનો આખો શ્લોક છે.

અવિદ્યાઃ ભૌતિક જગતનું જ્ઞાન, કર્મકાંડ, અથવા માયા (અહીં અવિદ્યાનો અર્થ અજ્ઞાનતા કરતાં લૌકિક ક્રિયાઓ તરીકે વધુ લેવામાં આવ્યો છે).

મૃત્યુંઃ મૃત્યુ (જન્મ-મરણનું ચક્ર)કષ્ટો, બંધન. તીર્ત્વાઃ તરી જઈને, પાર કરીને. વિદ્યાયાઃ આત્મજ્ઞાન, દાર્શનિક જ્ઞાન, પરબ્રહ્મનું જ્ઞાન.

અમૃતમ્ઃ અમરત્વ, મોક્ષ, શાશ્વત પરમાત્મા. અશ્નુતેઃ ભોગવે છે, પામે છે.

'જે વ્યક્તિ લૌકિક જ્ઞાન અથવા કર્મ (અવિદ્યા) દ્વારા મૃત્યુ (જન્મ-મરણના ચક્ર) ને તરી જાય છે, તે આત્મજ્ઞાન અથવા પરબ્રહ્મના જ્ઞાન (વિદ્યા) દ્વારા અમરત્વ (મોક્ષ) પ્રાપ્ત કરે છે'.

સંતુલન : આ શ્લોક ભૌતિક જીવન (કર્મ) અને આધ્યાત્મિક જીવન (જ્ઞાન) વચ્ચેના સંતુલન પર ભાર મૂકે છે.

અવિદ્યાની ભૂમિકાઃ ભૌતિક જગતમાં યોગ્ય કર્મ કરવાથી અને દુઃખ/ વાસનાઓથી મુક્ત થવાથી માણસ સંસારના કષ્ટો(મૃત્યુ)માંથી પાર ઉતરે છે.

● વિદ્યાની ભૂમિકાઃ સાચું આત્મજ્ઞાન(વિદ્યા) મેળવીને વ્યક્તિ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈને અમરત્વ (મોક્ષ) પામે છે.

ટૂંકમાં, આ શ્લોક સમજાવે છે કે આ સંસારમાં જવાબદારીઓ પૂરી કરીને (અવિદ્યા દ્વારા) અને ત્યારબાદ સાચા જ્ઞાન (વિદ્યા દ્વારા) પરમાત્માને પામવા જોઈએ.

**( ૮) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી- સુરત**

**સત્યમ્ જ્ઞાનમ્ અનન્તમ્ ।**

● સત્યમ્ઃ પરમ સત્ય (જે ક્યારેય બદલાતું નથી, જે ત્રણેય કાળમાં સત્ય છે).

● જ્ઞાનમ્ઃ ચૈતન્ય સ્વરૂપ, સર્વજ્ઞ (જે સ્વયં પ્રકાશિત

જ્ઞાન છે).

અનન્તમ્: અનંત, અમર્યાદિત (જે દેશ, કાળ કે વસ્તુની મર્યાદાથી મુક્ત છે).

આ વાક્ય બ્રહ્મ (પરમાત્મા)ના સ્વરૂપનું વર્ણન કરે છે. તે કહે છે કે પરમાત્મા સત્ય છે, જ્ઞાનરૂપ છે અને અનંત છે. આ મંત્ર તૈત્તિરીય ઉપનિષદમાંથી લેવામાં આવ્યો છે અને તે બ્રહ્મની સાકાર નહિ પણ નિરાકાર અને સર્વવ્યાપી વ્યાખ્યા કરે છે.

**(૯) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ**

**પાવકા નઃ સરસ્વતી ।**

પાવકા નઃ સરસ્વતી । એ ઋગ્વેદનો એક અત્યંત પવિત્ર અને પ્રખ્યાત મંત્ર છે, જે સરસ્વતી દેવીને સમર્પિત છે. આ મંત્ર સરસ્વતી માતાને જ્ઞાન, બુદ્ધિ અને પવિત્રતાની દેવી તરીકે સ્તુતિ કરે છે.

મંત્ર અને તેનો અર્થઃ

મંત્રઃ પાવકા નઃ સરસ્વતી વાજેભિર્વાજિનીવતી । યજ્ઞં વષ્ટુ ધિયાવસુઃ ।। (ઋગ્વેદ ૧-૩-૧૦)

પાવકાઃ પવિત્ર કરનારી (શુદ્ધિદાતા).

નઃ સરસ્વતીઃ આપણી સરસ્વતી દેવી.

વાજેભિર્વાજિનીવતીઃ અન્ન અને દ્રવ્ય (ઐશ્વર્ય/ જ્ઞાન)થી સંપન્ન.

યજ્ઞં વષ્ટુઃ યજ્ઞને (અથવા ઉચ્ચ કર્મોને) સ્વીકારવા/ સફળ બનાવવા.

ધિયાવસુઃઃ બુદ્ધિરૂપી ધન આપનારી.

**(૧૦) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી- વડોદરા**

**સત્યં શિવં સુન્દરમ્ ।**

'સત્યં શિવં સુન્દરમ્ । એ સંસ્કૃત શબ્દસમૂહ છે, જેનો દાર્શનિક અને આધ્યાત્મિક અર્થ ખૂબ જ ગહન છે. તે ઈશ્વર, સત્ય અને પરમ સૌંદર્યની વ્યાખ્યા કરે છે. આ વાક્ય જીવનના મૂળભૂત સત્ય, આધ્યાત્મિકતા અને કલા સાથે જોડાયેલું છે. તે દર્શાવે છે કે સાચું સૌંદર્ય માત્ર દેખાવમાં નથી, પરંતુ દિવ્યતા અને સત્યમાં રહેલું છે. ભગવાન શિવને આ સનાતન સત્યનું પ્રતીક માનવામાં આવે છે.

સત્યમ્: જે સનાતન સત્ય છે, જે ક્યારેય બદલાતું નથી, જે પરમાત્મા છે.

શિવમ્: જે કલ્યાણકારી છે, જે શુભ છે, જે સર્વનું ભલું કરનારું અને દિવ્ય છે.

સુંદરમ્: જે પરમ સુંદર છે, જે સર્વવ્યાપી અને પરમ સૌંદર્ય છે.

પરમાત્મા સત્ય છે, તે જ કલ્યાણકારી (શિવ) છે અને તે જ પરમ સુંદર (સુંદરમ્) છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે સત્ય છે તે જ કલ્યાણકારી છે અને જે કલ્યાણકારી છે તે જ ખરું સૌંદર્ય છે.

**(૧૧)ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT)- ગાંધીનગર અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી-કચ્છ**

**તેજસ્વિનાવધીતમસ્તુ ।**

સહનાવવતુ સહનૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ।।
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।।

તેજસ્વિનાવધીતમસ્તુઃ અમારું ભણેલું (જ્ઞાન) તેજસ્વી/ પ્રભાવશાળી બને.

'તેજસ્વિનાવધીતમસ્તુ' એ પ્રસિદ્ધ શાંતિ મંત્ર 'ૐ સહનાવવતુ...' નો એક ભાગ છે.

તેનો અર્થ અને સમજૂતી નીચે મુજબ છે.

સંધિ છૂટી પાડતાઃ તેજસ્વિ+નૌ+અધિતમ્+અસ્તુ.
તેજસ્વિઃ તેજસ્વી, પ્રખર, જ્ઞાનપ્રકાશવાળું

- નૌઃ અમારા બંનેનું (ગુરૂ અને શિષ્ય)
- અધિતમ્: અધ્યયન કરેલું, શીખેલું જ્ઞાન
- અસ્તુઃ થાઓ / બનો

'અમે બંનેએ જે જ્ઞાન કે વિદ્યા પ્રાપ્ત કરી છે, તે તેજસ્વી (પ્રખર અને પ્રભાવશાળી) બનો.' આ મંત્ર કઠોપનિષદ અને શ્વેતાશ્વતર ઉપનિષદમાંથી લેવામાં આવ્યો છે, જે ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધો અને જ્ઞાનની વૃદ્ધિ માટે પ્રાર્થના કરે છેઃ

'હે પરમાત્મા, તમે અમારી બંનેની (ગુરુ-શિષ્યની) સાથે રક્ષા કરો, અમારું સાથે પાલન કરો, અમને બંનેને

સાથે મળીને શક્તિ મેળવવાની શક્તિ આપો, અમે જે વિદ્યા પ્રાપ્ત કરી છે તે તેજસ્વી બનો, અને અમે એકબીજા પ્રત્યે ક્યારેય ઈર્ષ્યા કે દ્વેષ ન કરીએ.

(૧૨) ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા – ગાંધીનગર
(Indian Institute of Teache Education)

**ન હિ જ્ઞાનેન સદૃશમ્ પવિત્રમિહ વિદ્યતે।**

ઉપરનો ધ્યાનમંત્ર એ 'ગીતા'ના ચોથા અધ્યાયનો ૩૮મો શ્લોક છે. આ સંસારમાં જ્ઞાન જેવું બીજું કંઈ પણ પવિત્ર (શુદ્ધ) નથી.

નહિઃ ખરેખર નથી જ.

જ્ઞાનેન સદૃશમ્ઃ જ્ઞાન સમાન (જ્ઞાન જેવું).

પવિત્રમ્ ઇહઃ આ લોકમાં પવિત્ર.

વિદ્યતેઃ અસ્તિત્વ ધરાવે છે.

આ શ્લોક આત્મજ્ઞાનનું મહત્ત્વ દર્શાવે છે. 'ગીતા' અનુસાર, જ્ઞાન એ સૌથી મોટું પવિત્રકારી તત્ત્વ છે. તે મનુષ્યના મન, બુદ્ધિ અને આત્મામાંથી અજ્ઞાનરૂપી મેલને દૂર કરીને વ્યક્તિને અંદરથી શુદ્ધ કરે છે.

આ જ શ્લોકના બીજા ભાગમાં કહેવાયું છે કે જે વ્યક્તિ યોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તે સમય જતાં પોતાની જાતમાં જ આ જ્ઞાનનો અનુભવ કરે છે.

**(૧૩) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી-ગોધરા**

**અમૃતં તું વિદ્યા।**

એ સંસ્કૃત વાક્ય છે જેનો અર્થ થાય છે 'જ્ઞાન અમૃત છે' અથવા 'જ્ઞાન અમરત્વ છે'. તેનો અર્થ એ છે કે સાચું જ્ઞાન અથવા શિક્ષણ શાશ્વત, દૈવી છે અને મુક્તિ તરફ દોરી જાય છે, જે એક અમૃત તરીકે કાર્ય કરે છે જે વ્યક્તિને મૃત્યુ અને અજ્ઞાનના ચક્રમાંથી મુક્ત કરે છે. જ્ઞાન અમૃત છેઃ તે સાચા જ્ઞાનને દૈવી, જીવનરક્ષક અમૃત (અમૃતમ્) સાથે સરખાવે છે, જે તેને તમામ કાર્યોમાં સર્વોચ્ચ બનાવે છે.

જ્ઞાન શાશ્વત છે અને અમરત્વનું સ્વરૂપ આપે છે, કારણ કે શાણપણ ભૌતિક શરીર કરતાં વધુ જીવે છે. ઈશા ઉપનિષદ (વિદ્યા-અમૃતમ્-અશ્નુતે)માંથી ઉતરી આવ્યું છે, તેનો અર્થ છે 'શીખવા/જ્ઞાન દ્વારા, વ્યક્તિ અમરત્વ પ્રાપ્ત કરે છે' અથવા મૃત્યુને દૂર કરે છે.

**(૧૪) ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી-ગાંધીનગર**

**સત્યમ્ ઋતમ્ બૃહત્।**

સત્યમ્ ઋતમ્ બૃહત્। એ ઋગ્વેદનો એક અત્યંત ગહન અને પવિત્ર મંત્ર છે, જે પરમાત્મા અથવા પરમ સત્યના સ્વરૂપનું વર્ણન કરે છે. આ ત્રણેય શબ્દો આધ્યાત્મિક અને સર્વોચ્ચ ચેતનાના વિવિધ પાસાઓને દર્શાવે છેઃ

સત્યમ્ઃ પરમ સત્ય, જે ક્યારેય બદલાતું નથી. જે ત્રણેય કાળ (ભૂત, વર્તમાન, ભવિષ્ય)માં સત્ય છે.

ઋતમ્ઃ દૈવી નિયમ અથવા સાર્વત્રિક વ્યવસ્થા. આ તે સંતુલન છે જેના દ્વારા બ્રહ્માંડ કાર્ય કરે છે.

બૃહત્ઃ વિરાટ, વિશાળ અથવા અનંત. જે સર્વવ્યાપી છે અને સર્વને આવરી લે છે. તે પરમ તત્ત્વ (બ્રહ્મ) જે પરમ સત્ય (Satyam) છે, દૈવી વ્યવસ્થા છે અને વિરાટ/અનંત છે.

આ મંત્ર મહાનારાયણ ઉપનિષદમાં પણ ઉલ્લેખિત છે અને તે જીવનમાં દૈવી સત્ય અને ન્યાયી માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે.

**(૧૫)જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર**

**જ્ઞાનાત્ મુક્તિ।**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેવામાં આવ્યું છે કે, જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થાય છે અને મુક્તિ મળે છે. 'જ્ઞાનથી જ કૈવલ્ય (મોક્ષ) થાય છે; જ્ઞાન વિના મુક્તિ થતી નથી.' સાચું જ્ઞાન મેળવવાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

ધ્યાનમંત્રો એ દરેક વિદ્યાલયો અને મહાવિદ્યાલયો પર લખાયેલાં હોવાં જ જોઈએ, જેના માર્ગ પર ચાલવા માટે સમગ્ર વિદ્યાલયે સંકલ્પો કરવા જોઈએ. જે ધ્યાનમંત્ર સંસ્થાની અને આપણા વ્યક્તિત્વની આગવી ઓળખ બની જાય

ચાલો... ધ્યાનમંત્ર જેવું જીવન જીવીએ, એટલે જીવન પણ ધ્યાનમંત્ર બની જાય...

મોઃ ૯૮૨૪૮ ૨૫૫૬૧

## (૦૯) કલ્પસર યોજના : વિકાસના નામે સૌરાષ્ટ્રની કોણીએ ગોળ

**ડૉ. નાનક ભટ્ટ**

સૌરાષ્ટ્રના મુખ્ય છ જિલ્લાઓના કલ્યાણહેતુ માટે વર્ષ ૧૯૬૨માં સાંસદ ભોગીલાલ શાહે રજૂ કરેલ પ્રસ્તાવમાં ખંભાતના અખાતાના બે છેડા ભાવનગર અને દહેજ વચ્ચે લંબાઈમાં ૩૦ કિલોમીટર પહોળાઈમાં ૧૦૦ મીટર અને ઊંચાઈમાં ૫૧ ફૂટનો બંધ તૈયાર કરવા દરખાસ્ત રાખવામાં આવી. આજથી ૫૩ વર્ષ પહેલાં મુકાયેલ સૈદ્ધાંતિક મુસદ્દામાં જણાવ્યું કે અંદાજિત ૧૫૭ કરોડના ખર્ચથી તૈયાર થનાર આડબંધથી સાબરમતી, ઢાઢર અને મહી જેવી બારમાસી નદી તથા કાળુભાર અને રંઘોળી નદીમાં વહેતું સોમાયું પાણી દરિયામાં ઠલવાતું અટકશે. આગામી ૩૫૦ થી ૪૦૦ વર્ષ માટે ૨૪૦૦ ચોરસ કિલોમીટરમાં વાર્ષિક ૧૦ હજાર ઘનમીટર જળ રાશિનો સંગ્રહ થતાં સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર , રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની ૧૧ લાખ હેક્ટર કૃષિ જમીન માટે મીઠું પાણી ઉપલબ્ધ થશે. ગુજરાતના આંગણે સેટેલાઈટથી ઓળખી શકાય તેવું વિશાળ કલ્પસર થકી સૌરાષ્ટ્રની ખડકાળ જમીન (બેસાલ્ટ રોક) ઉપર ૫ હજાર ક્યુસેક મીટર વહન કરતી ૩૫૦ થી ૪૦૦ કિલોમીટરની કેનાલ નેટવર્કથી ૧૦ લાખ હેક્ટર જમીનમાં સરેરાશ ૨૦ થી ૩૦ સેન્ટીમીટર પાણી ઉપલબ્ધ થશે. અને વિસ્તારની કુલ કૃષિભૂમિનો ૪૬ ટકા વિસ્તાર સિંચાઈથી લાભ પામશે.

સરદાર સરોવર નર્મદા બંધ યોજના પછી ગુજરાતની બીજી મહત્ત્વાકાંક્ષી યોજનામાં બીજા કોઈ રાજ્યોની જમીન ડૂબમાં જતી નથી આથી આંતરરાજ્ય હિતોના ટકરાવ કે વિશ્વબેંકની દખલ રહેવાની નથી. તેમ માનવીય પુનર્વસનની વિશેષ ટ્રિબ્યુનલ જવાબદારીથી નિવારણ મળે છે. સવિશેષ સરોવર માટેનો આડબંધ વાહન-વ્યવહાર અને ગેસલાઈનથી દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રને જોડવામાં ઉપયોગી થશે. એકત્ર જળરાશિ ઉપર મત્સ્યઉદ્યોગ અને કાંઠા વિસ્તારમાં ઘાસ ચરિયાણ વિકસતા સ્થાનિક કોળી અને માલધારી સમાજનું સ્થળાંતર ઘટશે. ઈકોલોજી સુદ્રઢ બનશે. નળસરોવર માફક દરિયાકાંઠે બીજું પક્ષીતીર્થ સર્જાશે. સવિશેષ ખંભાતના કાંઠા વિસ્તારથી ૩૬ કિલોમીટર સુધીની કાળી,મીઠી જમીનમાં ક્ષારનું પેનિટ્રેશન ઘટશે. અને ભૂજળનું સ્તર ઉપર આવશે. અલંગ શીપ બ્રેકિંગયાર્ડ સ્થાપનાથી આજ સુધી સબસિડીના ઑક્સિજન ઉપર ચાલતો ઉદ્યોગ રહ્યો છે. પરંતુ સ્ક્રેપના વહન માટે કલ્પસર બાંધ ખપમાં આવતા ૨૫૦ થી ૩૦૦ કિલોમીટરના પરિવહન સમય અને ખર્ચમાં ઘટાડો થશે. પરિણામે અલંગ આધારિત ઉદ્યોગો દક્ષિણ ગુજરાતમાં સ્થપાતાં વ્યાપક રોજગારીની તકો સામે આવશે.

પૃથ્વી ઉપરના અસ્તિત્વના આધાર તરીકે પાણીની ઉપસ્થિતિ અનિવાર્ય છે. વિકસતા વિજ્ઞાન અને તકનીકે લેબ ડાયમંડની ઉપલબ્ધી સરળ બનાવી છે. પરંતુ પાણીનું નિર્માણ આજે પણ પ્રકૃતિ આધીન બની રહ્યું છે. ત્યારે પૃથ્વી ઉપરના મીઠાજળને દરિયામાં વહેતું કરવામાં કોઈ બુદ્ધિગમ્યતા નથી. આ વાતને કલ્પસરના માધ્યમ થકી રજૂ કરતાં પર્યાવરણ વિદ્ શ્રી વિનુભાઈ ગાંધી, સ્વામી માર્ગ્યસ્મિત અને સાથીવૃંદ થકી લખાયેલ પુસ્તિકા 'સમસ્ત ગુજરાતનાં સંતુલિત વિકાસ માટેના સ્ત્રોત કલ્પસર સરોવર' (મે-૨૦૨૪) માં દર્દભર્યું નિવેદન પ્રશ્ન તરીકે રજૂ કરાય છે કે: 'ભારતીય સંસ્કૃતિમાં કિંમત કરતાં મૂલ્યને વિશેષ મહત્ત્વ આપતું રહ્યું છે. ત્યારે વિકસિત રહેવાની હરોળમાં દેશ કોમનવેલ્થ રમતોત્સવ અને મેટ્રોમાં પ્રામાણિક ટેક્સદાતાઓના નાણા ફાળવી શકે તો પેઢી દર પેઢી જીવનદાઈ વિકાસ માટે શા માટે રોકાણ નહીં ?'

જોકે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના ખ્યાલ તરીકે મુકાયેલ દરખાસ્તની નોંધ ગુજરાત સરકાર કે પછી ભારત

સરકારે ગંભીરતાથી લીધી નથી. આથી કલ્પસર અંગે ફેઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરવા ૨૪ વર્ષ પહેલા (૧૧-૯-૨૦૦૨) નરેન્દ્રભાઈએ રૂ.૮૪ કરોડ મંજૂર કરેલા તે પછી ૨૦૧૮ માં બીજા ૧૪.૮ કરોડની ફાળવણી કરાઈ છે. પરંતુ સૌરાષ્ટ્રની લાગણીશીલ પ્રજાની માતબર માંગણીને જીવદયા તરીકે પણ ગ્રાહ્ય ન રખાતા અંતે કલ્પસર પોલિટિકલ હેંગોવરની સ્થિતિમાં કાગળ ઉપર જોવા મળે છે.

લોકશાહીમાં કોઈ પણ પ્રજાલક્ષી વિકાસ યોજનાઓ એક કાર્ય પદ્ધતિથી સર્વપક્ષીય બનતી હોય તેની ક્ષમતાના અભ્યાસ થકી યોજનાકીય લાભ-ગેરલાભને પ્રજા સમક્ષ મૂકવા અનિવાર્ય બને છે. રાષ્ટ્રની બંધારણીય ન્યાયિક વ્યવસ્થા પણ તમામ યોજનાઓમાં માનવ અને પર્યાવરણની સલામતી માટેના ધોરણો જળવાય તેવો આગ્રહ હોય કલ્પસર યોજનાનો પારદર્શી ડી. પી. આર. સરકાર આમ જનતા સામે મૂકે તે અનિવાર્ય બને છે. આ સંદર્ભમાં પણ કલ્પસર માટે આશાવાદી જૂથે વિચારવું રહ્યું કે,

(૧) માત્ર સૌરાષ્ટ્ર માટેની કલ્પસર યોજનાના જંગી ખર્ચ અને ગુજરાતની હાલની ખેડૂત વસ્તી જોતાં એક વ્યક્તિના ભાગે લગભગ રૂ. ૬૦,૩૮૫ નો ખર્ચ થાય ત્યારે પ્રશ્ન રહે કે સૌરાષ્ટ્રના ૨૬ થી ૨૭ લાખ ખાતેદાર ખેડૂતો માટે ૭ કરોડ પ્રજા પોતાની કમાણીમાંથી ખર્ચ કરે?

(૨) ખંભાતના અખાતમાં જ્યાં ૩૪૮ મીટર સીલટિંગ છે તેના ઉપર ૪.૭ કરોડ ઘનમીટર માટી અને ૧૨ કરોડ ઘન મીટર જેટલું ડ્રેજિંગ- ફિલિંગ માટે ૪ કરોડ ઘનમીટર રેતી અને ૨૦.૪ કરોડ ઘનમીટર પત્થરનું ડેડ-વેઇટ ઉપરાંત ડેમ ઉપર તૈયાર થનાર રસ્તા ઉપર પ્રતિદિન ૬૦ થી ૭૦ હજાર હેવી વ્હેહિકલનું થ્રસ્ટ, કાંપ પુરાણની ભીની માટી જીલી શકશે?

(૩) વન અને પર્યાવરણ સંરક્ષણ માટે યુનો સાથે વિશ્વના લોકશાહી દેશોની સમજૂતી અનુસાર ખંભાતના અખાતની ૧૭૨ હેક્ટર વન્ય જમીન ઉપર તળાવ કરવા માટે ગુજરાતની વિધાનસભાએ લોકસભા અને રાજ્યસભાની મંજૂરી મેળવવી ઘટે.

(૪) ખંભાતના અખાતમાં એકત્ર પાણી દરિયાની સપાટીથી પણ નીચે -૦ લેવલ ઉપર એકત્ર થાય છે. ત્યારે આ પાણી ને ૪ થી ૫ મીટર ઊંચાઈની કેનાલમાં વહેવડાવવા માટે જરૂરી પાવર અને વિશાળ ઓઇલ પંપની ટેકનોલોજી અને ખર્ચનું વ્યવસ્થાપન કેવી રીતે થશે?

(૫) ખંભાતના અખાતમાં દહેજ અને વડોદરા પેટ્રોકેમિકલ્સનું એફલયુઅંટ, ખાતર અને કાપડ ડાઈંગ તેમજ અમદાવાદના ફાર્માશુટીકલ્સનો કચરો ઠલવાય છે. દેશના ઇન્ડસ્ટ્રીયલ હબ જેવા અંકલેશ્વર, ભરૂચ અને વટવા ઇન્ડસ્ટ્રીયલ ઝોનના વેસ્ટ, સ-વિશેષ ઇન્ડસ્ટ્રીયલ એફ્યુઅંટનો દરિયાના ઊંડાણ સુધી પાઇપ લાઇન દ્વારા નિકાલ બીજો એક ડેમ બનાવવા જેટલું ખર્ચાળ બનશે?

(૬) ક્ષારયુક્ત ખંભાતની ખાડીમાં જૂનથી ઓગસ્ટ માસમાં પ્રાકૃતિક રીતે સંગ્રહિત વરસાદી પાણી નવેમ્બર ડિસેમ્બરમાં આજે પણ કડવું ખારું બની જાય છે. કલ્પસર બનતા અખાતનો ક્ષાર સંગ્રહિત પાણી ઉપર પથરાશે તેમ પેટાળનો ક્ષાર રાસાયણિક રીતે ઉપર આવતા રોકી શકાય તેમ નથી ત્યારે કલ્પસરમાં સંગ્રહિત પાણીમાં વધતાં પી. એચનું પાણી પછીથી કૃષિ લાયક રહેશે ?

ગાંધીસરની મૂળ કલ્પનાને ખાંભાત વિકાસની પરિયોજના તરીકે જોનાર નર્મદા જળસંપતિ વિભાગના તા.૪ એપ્રિલ ૨૦૧૧ ના પરિપત્રમાં ઉપ-સચિવે સ્પષ્ટતા કરી છે, મૂળ યોજનામાંથી ટાઈડલ પાવર સ્ટેશન માટેનું પ્રાવધાન, તેમ સરદાર સરોવરનું વધારાનું પાણી ભાડાભૂત બેરેજમાંજ રાખવાની સ્પષ્ટતા પછી પણ ડેમ કોરિડોરની પથ રૂપરેખા અંગેની ચેન્નાઈ બેઠક (૨૮ નવેમ્બર ૨૦૧૦) પછી ૧૬ વર્ષ વિત્યા છે છતાં કલ્પસર યોજનાની અમલવારી માટે ડી.પી. આર. તો તૈયાર નથી પણ ખંભાતના ઉપરવાસે એરપોર્ટ, બંદર અને ઉદ્યોગોનું જંગી રોકાણ સાકાર બની રહ્યાનું જોવા મળે છે. ત્યારે સૌરાષ્ટ્રના રાજકીય નેતૃત્વએ કલ્પસર નામે પોલિટિકલ હેંગોવરમાંથી પ્રજાને મુક્ત કરવી રહી. પ્રજાએ પણ વાસ્તવિક દર્શનથી દિવાસ્વપ્ન છોડવું રહ્યું.

મો.૯૮૯૮૪૬૩૪૮૯

## (૧૦) બાળકોને સ્વસ્થ સમાજનો સમૃદ્ધ વારસો આપીએ

**મિત્તલ પટેલ 'પરિભાષા'**

સમૃદ્ધ પરિવાર એટલે જીવનની પૂંજી અને બાળક માટે હૂંફનો માળો. સમૃદ્ધ પરિવાર એટલે ઈર્ષા, સ્વાર્થ, કાવાદાવા, દ્વેષભાવથી મુક્ત એક પરિપક્વ માળો. વારસામાં મળેલ જમીન, બંગલા, ઘરેણાં તેને સધિયારાનું સુખ નહીં આપે જે માત્ર પરિવાર અને સમાજમાંથી જ મળી શકે છે.

ડિજિટલ યુગમાં સૌથી મોટો પડકાર હોય તો એ છે, બાળકોની સાથે સાથે માતાપિતાનું પણ મોબાઇલનું વળગણ. મોબાઇલ મેનીયાને કારણે અને આ કૉમ્પ્લેક્સ વ્યસનમાંથી સહેલાઈથી ન છૂટી શકાતું હોવાને કારણે, માતાપિતાનો બાળકો સાથેનો, બાળકોનો સમાજ સાથેનો અને બાળકોનો પોતાની જાત સાથેનો સંવાદ અને આત્મીયતા ઘટી રહ્યા છે. તેનાંથી બાળકો તેમની મનોવૈજ્ઞાનિક તકલીફો, તેનાં જીવનના પ્રશ્નો, તેની નાની-મોટી મુંઝવણનોને કોઈની સાથે શેર કરી શકતો નથી. બાળક વ્યક્ત થઈ શકે તેવા માધ્યમો ઘટ્યા છે. બાળક ભીતરથી હતાશ થયું છે. જે તેનાં સર્વાંગી વિકાસ માટે અને તેના સ્વસ્થ વ્યક્તિત્વની ખીલવણી માટે સૌથી મોટી સમસ્યા બનતી બાબત છે . આપણે સૌ બાળકોને મોબાઇલ છોડાવવા પાછળ પડ્યા છીએ, પણ મોબાઈલમાં તે જે શોધી રહ્યો છે .'વ્યક્ત થવાનું માધ્યમ' એ આપણે બનવા તૈયાર નથી અને એ જ સૌથી વધારે મહત્ત્વનું છે .

**પરિવાર એટલે મૂલ્યોની ધરોહર :**

પહેલા સમયમાં સંયુક્ત કુટુંબમાં બાળક ખુલીને જીવી શકતું, ખુલીને વ્યક્ત થઈ શકતું, ખુલીને ભાવ બા, દાદા સમક્ષ અને ઘરના અન્ય સભ્યો સમક્ષ અભિવ્યક્ત કરી શકતું. જીવનના મૂલ્યો અને બોધપાઠનું સિંચન તો ઘરમાંથી જ થઈ જતું. જેમ કે સહાનુભૂતિ, સહકાર, સંપ, મદદ કરવાની ભાવના, સામાજિક ગુણો, પ્રત્યાયન ક્ષમતા, આત્મવિશ્વાસ, એકબીજા સાથે સાયુજ્યતાસભર સંબંધ વિકસાવવાની ક્ષમતા. આ બધા ગુણોનું વાવેતર કુટુંબમાં જ બાળકમાં થઈ જતું. હવે વિભક્ત કુટુંબોમાં બાળક માટે મૂલ્યો અને ગુણોનો વિકાસ રુંધાયો છે. તેના વ્યક્ત થવાના માધ્યમો ઘટ્યાં છે. માટે જ સામાજિક મૂલ્યોનો બાળકમાં વિકાસ કરવા માટે, સંબંધોની ધરોહર તેમનામાં વાવવા માટે આપણે સૌએ ખૂબ જ સજાગ રહીને પ્રયત્ન કરવા પડે એમ છે. તો જ આપણે એક સ્વસ્થ સમાજની રચના કરી શકીશું.

**સ્વસ્થ સમાજ માટે જરૂરી મૂલ્ય અને ક્ષમતા**

એકબીજા સાથે સહકારપૂર્વક કેવી રીતે જીવવું અને રોજેરોજ સ્વસ્થ સંવાદિતા સાધીને કઈ રીતે રહેવું, એ આજના સમયમાં બાળકોને શીખવવું ખૂબ જ જરૂરી છે. વડીલો સાથેનો સંવાદ બાળકમાં હૂંફનું, લાગણીનું સિંચન કરે છે. જીવનના કોઈપણ તબક્કે 'કોઈ છે મારી સાથે', 'કોઈ છે કે ગમે તે પ્રકારની પરિસ્થિતિમાં મને સંભાળી લેશે', 'મને કંઈ થવા નહીં દે' એ જાતની ભાવના જન્મે છે. જ્યારે બાળક હોય કે વ્યક્તિ માનસિક, ઈમોશનલ રીતે સુરક્ષિતતાની ભાવનાથી સભર બને છે ,પછી જ તે બધી રીતે પોતાના જીવનમાં ગ્રો કરી શકે છે. માટે જ ઘરમાં દરેક સભ્યોએ પોતાના બાળક સાથે સુમધુર અને સતત જીવંત સંવાદિતા અવશ્ય મેન્ટેન કરવી જ જોઈએ. આપણે બધું જ બાળકને આપીએ છીએ, સિવાય કે યોગ્ય સંવાદ માટેનો સમય. તે આપણા સમક્ષ ખુલીને નાની નાની નજીવી બાબતો પણ શેર કરી શકે, એટલી સ્પેસ, એટલો મોકો અને એટલો

સમય ચોક્કસપણે આપણે તેને આપવો જોઈએ, એ પણ મોબાઇલ સાઇડ પર મૂકીને.

**'નો મોબાઈલ ઝોન' અને 'પરિવાર ઝોન':**

મોબાઇલ ઝોન અને પરિવાર ઝોન બંને એકસાથે તો શક્ય જ નથી એટલે ઘરમાં દિવસનો ચોક્કસ સમય 'નો મોબાઇલ ઝોન' તરીકે જાહેર કરવો જોઈએ. જ્યારે બધા સાથે હોય પોતપોતાના કામમાંથી, ભણવામાંથી, ફ્રી થઈ ગયા હોય ત્યારે આવો સમય ચોક્કસથી નક્કી કરીને તેને ધીરજપૂર્વક, મક્કમતાપૂર્વક અને વળગી રહેવું જોઈએ.

**તહેવારો એટલે પરિવારની જણસને ચકમકતું રાખતું નજરાણું:**

વિચારો તહેવારો જ ન આવતા હોત તો ? તો આપણી જિંદગી કેટલી એકધારી, બેરંગી અને નીરસ હોત ? એકધારાપણાને લીધે જીવનમાંથી જીવનરસ સુકાઈ જવાને આરે જ હોય, ત્યાં કોઈને કોઈ તહેવાર ડોકીયું કરી જાય છે. આ બધા તહેવારો એકલા જ ઉજવી શકીએ તેવાં હોતા નથી. તહેવારમાં 'સંગાથ'નું મહત્ત્વ છે. સંગાથની ઉજવણી છે. આજે ઘણી વાર તહેવાર માત્ર સેલ્ફી લેવા માટે, રિલ્સ બનાવવા પૂરતા થઈ ગયા છે. તે ખરેખર ચિંતાજનક બાબત છે. તહેવારો જ એવું માધ્યમ છે કે જ્યારે પરિવારના સભ્યો ,પડોશીઓ, મિત્રો સાથે મળીને આનંદની ઉજવણી કરી શકીએ છીએ. જ્યારે આવી ઉજવણી સમૂહમાં થતી હોય છે ત્યારે એક અત્યંત હકારાત્મક અને શક્તિશાળી ઊર્જા ઉદ્ભવે છે, જેની અનુભૂતિ દરેકને થાય છે.

**રમતોના માધ્યમથી પારસ્પરિક સેતુબંધ**

પહેલાના સમયમાં આપણે પરિવારજનો સાથે બેસીને પત્તા, બીજી ઘણી બધી ઇન્ડોર ગેમ્સ, અંતાક્ષરી રમતાં. ગીતોની રમઝટ ચાલતી અને સાથે આનંદની છોળો ઉછળતી. ક્રિકેટ, ફૂટબોલ, ફુલરેકેટ અને બીજું ઘણું બધું હતું. આજે પણ આપણે સમય કાઢીને અને આયોજન કરીને જો કરી શકીએ તો સ્વાસ્થ્ય અને આનંદની સાથે સાથે બાળકોને સામાજિક અને કૌટુંબિક ભાવનાનો એક સમૃદ્ધ વારસો પણ આપી શકીશું. ક્યારેક રજાના દિવસે કુટુંબ, પરિવારના સભ્યો સાથે નજીકના મેદાનમાં ક્રિકેટ રમવાનું આયોજન કરી શકીએ. ક્યારેક બાળકો સાથે અને પરિવારજનો સાથે નાનકડા ટ્રેકિંગનું આયોજન કરી શકીએ. નદી કિનારે, પહાડ પર પ્રકૃતિના સાનિધ્યમાં કરેલ આવો નાનકડો ટ્રેકિંગનો પ્રોગ્રામ સ્વાસ્થ્યની સાથે સાથે આનંદનો અને મોજનો તેમજ બાળકોમાં પરિવારની ભાવનાની રોપણી કરનાર ઉદ્દીપક પણ બની રહે છે. વહેલી સવારે સાઇકલિંગનું આયોજન પણ કરી શકીએ. સ્વાસ્થ્ય સાથેના સુમેળની સાથે પરિવાર સાથે આત્મીયપણું વધારશે.

**પરિવાર અને સમાજ એટલે ઍન્ટિડીપ્રેશન દવા:**

જ્યારે કુટુંબમાં, પરિવારમાં, સમાજમાં સ્વાર્થ ઘૂસે છે ને ત્યારે આંતરિક વિખવાદનો જન્મ થાય છે. પારસ્પરિક સંબંધ કરતા જ્યારે પૈસાને વધુ મહત્ત્વ આપવામાં આવે, ઈર્ષા, દ્વેષભાવ ઉધઈની જેમ ઘૂસે ત્યારે , પરિવાર નથી રહેતો માત્ર આંતરિક કલેશનું ઘર બની જાય છે. આ કડવી પણ વાસ્તવિક બાબત છે . જો આપણે ઘરમાં, કુટુંબમાં અને સમાજમાં પૈસા, પદ ,સ્વાર્થ કરતાં પણ સંબંધને મહત્ત્વ આપતા થઈશું, ઈર્ષા કરતા પરસ્પરની પ્રગતિને વધાવતા થઈશું તો કદાચ આપણા બાળકોને સારા પરિવારની, સરસ સમાજની ભેટ વારસામાં આપી શકીશું . મિલકત હશે પણ માનસિક તકલીફમાં હૂંફનો માળો તો તેને જોઈશે ને!! તો આ હૂંફનો માળો આપવાની જવાબદારી આપણી છે . તે માટે નિસ્વાર્થ અને હકારાત્મક લાગણીથી સમૃદ્ધ એવા કુટુંબ, સમાજ અને પારસ્પરિક સંબંધોને સાચવીએ, તેનું જતન કરીએ અને બાળકોને વારસામાં તે આપીએ. કદાચ પૈસા, મિલકતો તો તે કમાઈ પણ લેશે, પણ આપણે આપેલ આ ભેટ પ્રસન્ન જીવન માટે સાર્થક વારસો બની રહેશે .

મોબાઇલ: ૯૪૨૮૯૦૩૭૪૩

## (૧૧) આપણા સૌની માવડી ગીર ગાય

**નટવર આહલપરા**

ગીર ગાય માતાને કોટી કોટી વંદન છે. ગીર ગાય ભારતી મૂળની દક્ષિણ કાઠિયાવાડની સોહામણી ભૂમિમાં નમણા નરનારની વચ્ચે જોવા મળે છે. આ ગાય માતા બારથી પંદર વર્ષ જીવે છે અને તેના સમગ્ર જીવનકાળ દરમિયાન છથી બાર વાર માતૃત્વને ધારણ કરે છે.

ગીર નસલની ગાય તો ગાય જ છે. ગીર ગાય આબાલવૃદ્ધને દરેક રીતે ઉપયોગી થઈ છે અને આજે થાય છે અને ભવિષ્યમાં પણ થશે. તેના દૂધ ઘી છાશ અને મળ,મૂત્રની તો વાત જ શું કરવી? પૂજનીય ગીર ગાય એક ટંકે આઠ લિટરથી અધિક દૂધ આપે છે. એ તો સૌ કુટુંબની કામધેનુ જ છે. બીજી ગાયને દોહતી વખતે પગ બાંધવા પડે, નહીં તો લાત મારે છે. ગીર ગાય તો એટલી કોમળ સ્વભાવની કે નાનું છોકરું આંચળમાં હાથ નાખી ખેંચે અને દૂધની ધાર કાઢે તોય કશું ન કરે ! ઘરના સૌ ગીર માવડીને બરાબર ઓળખે. ગાય માતાના દર્શન પૂજા અને માન આપવાની મજા પણ અનેરી હોય છે.

ગીર ગાયમાતાનું સોરઠી પાવનકારી ધરતી પર વાર, તહેવારે સ્ત્રીઓ, કુમારિકાઓ ગોપૂજન કરે છે. સોરઠની ધરતી ઉપર ગીર ગાયને ખૂબ આદર આપવામાં આવે છે. સંક્રાંતિના પવિત્ર દિવસે ગાય માતાને લોકો ઘૂઘરી ખવડાવે. આ માવડી ગમે ત્યાં ગંદામાં બેસે નહીં, ગંદુ ક્યારેય ખાય નહીં, એના કૂખે જન્મેલા વાછરું પણ સુંદર હોય છે. લોકો આ માતાને વહાલથી સ્પર્શે એટલે નાચે, કૂદે જાણે ઘર આંગણે ગોકુળ,મથુરા હોય એવો ઘાટ સર્જાય છે.

ગીર ગાયના દૂધ ઘી અને ગોમૂત્ર અમૃત છે. આજે તો જયારે શુદ્ધ દૂધ જ મળતું નથી ત્યારે જો આપણને ગીર ગાયનું દૂધ નિયમિત મળતું હોય તો તેનાથી માણસો નિરોગી રહે છે. આ ગાયોના દૂધે કેટલાયે અસાધ્ય રોગો મટી ગયાના દાખલા છે. ગોમૂત્રના પ્રયોગો કરનારને પણ ખૂબ સકારાત્મક પરિણામ પ્રાપ્ત થયા છે. ગાયનું દૂધ- માતાના ધાવણ જેવું જ પાવનકારી છે. ગીર ગાયનું ઘી ખાવાથી તે લેનારને બળવાન બનાવે છે. ગાય માતાના દર્શનથી, સેવાથી, કૃપાથી માણસનું જીવન ઊર્જાવાન બનતું જાય છે. ગાય માતાના દર્શન કરવાથી માણસ કરુણાવાન બને છે. તે માણસને પ્રાણવાન બનાવે છે.

ગાય ખરેખર, દેશી ગીર ગાય તો ગીર ગાય જ છે. બે દિવસના ભૂખ્યા પેટે તમામ ગીર ગાય પ્રેમથી શાંતિથી ઊભી રહી દૂધ આપે છે. કૃષિ માટે બળદો આપે છે. આપણી આ માવડી સુંદરતાની અને કરુણાની મૂર્તિ છે. પાલકને ખૂબ જ પ્રેમ, મિત્રતા અને ભરપૂર પ્રસન્નતા આપે છે. ગોચરમાં ૧૫ થી ૨૦ કિલોમીટર ચાલીને પણ ચરવા જાય છે. સાંજ સવાર દૂધ આપતી હોવાથી દેશવાસીઓનું એ દૂધ ખૂબ પોષણ કરે છે. લોકોનું મનોબળ મજબૂત બનાવે છે. માણસની બુદ્ધિ સૂર્ય સમાન બનાવે છે.

ભારતની સંસ્કૃતિ-આપણી ધરોહરનું સંવર્ધન ગાય કરે છે. દરેક ભારતીયના ઘરના આંગણામાં કે જયાં સારી વ્યવસ્થા થતી હોય ત્યાં ગોપાલન થવું જોઈએ. આજે તો દૂધનો વ્યવસાય કરીને લોકો ખૂબ સારી રીતે પરિવારનું પાલન-પોષણ કરી શકે છે. આગામી સમયમાં શુદ્ધ દૂધ મળવું કઠિન બનશે એ પાકું છે. આપણે આજે જ પ્રતિજ્ઞા લઈએ કે હું મારે આંગણે એક ગાય પાળીશ અને એમનું જતન કરીશ.

મો.૯૯૭૪૦૦૯૦૪૨

# (૧૨) જીવનમાં સારથિનું મહત્ત્વ

**અજિત ઠોસર**

માનવજીવન એક યાત્રા છે. આ યાત્રામાં માર્ગ, ગંતવ્ય અને સાધન જેટલું જ મહત્ત્વ સારથિનું છે. રથ હોય, ઘોડા હોય, શક્તિ હોય, પરંતુ યોગ્ય સારથિ ન હોય તો રથ દિશાહીન બની જાય. જીવનમાં પણ એવું જ છે. શક્તિ, જ્ઞાન અને સાધનો હોવા છતાં જો યોગ્ય માર્ગદર્શન ન મળે તો મનુષ્ય ભટકી શકે છે. સારથિ એટલે માર્ગદર્શક, દિશા બતાવનાર અને જીવનના પ્રવાસમાં સાચો રસ્તો દર્શાવનાર વ્યક્તિ. જેમ રથમાં બેસેલા યોદ્ધાને ગંતવ્ય સુધી પહોંચાડવા સારથિ જરૂરી હોય છે, તેમ જીવનના રથને યોગ્ય દિશામાં ચલાવવા માટે પણ સારથિનું મહત્ત્વ અનન્ય છે. સારથિ માત્ર રથ હાંકનાર નથી, પરંતુ સમજદાર, ધીરજવંતો અને જવાબદાર માર્ગદર્શક છે. રણભૂમિમાં રથ પર સવાર યોધ્ધાની શક્તિ માત્ર કામ નથી આવતી પરંતુ કૌશલ્યવાન સારથિ તેને યોગ્ય દિશા આપે છે જેના કારણે તેની દશા બદલાઈ જાય છે.

ભારતીય સંસ્કૃતિમાં સારથિનું ઉત્તમ ઉદાહરણ મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણ છે. અર્જુનનું જીવન કેટલું ભવ્ય અને દિવ્ય છે કે તેમના કર્મોના કારણે તેમને ભગવાન શ્રીકૃષ્ણ સારથિ તરીકે મળ્યા. અર્જુનનું જીવન આ એક ઘટનાને કારણે ધન્ય થયું હશે. અર્જુન જ્યારે પહેલી વાર કૃષ્ણના સંપર્કમાં આવ્યા હશે ત્યારે તેમને એવો અંદાજો પણ ન હોય કે કુરુક્ષેત્રના મેદાનમાં જ્યારે તેઓ ભીષણ યુધ્ધ માટે સજ્જ હશે ત્યારે શ્રીકૃષ્ણ તેમના સારથિ હશે. યોધ્ધા ગમે તેટલો પરાક્રમી હોય પરંતુ સારથિ જો મૂર્ખ અને બેજવાબદાર વ્યક્તિ હોય તો તેની હાર નિશ્ચિત હોય કારણકે સારથિ તેને જોખમકારક સ્થિતિમાંથી બચાવી લાવવાનો પ્રયત્ન કરી શકતો નથી, કારણકે તેની પાસે રણનીતિનો અભાવ હોય છે. શ્રીકૃષ્ણ જગતગુરુ હોઈ તેમનાથી કશું છુપાયું નથી અને હોઈ પણ ન શકે, વધુમાં અર્જુન તેમનો પ્રિય બાંધવ હોઈ તેઓ અર્જુનને ફાયદો કરાવે તેવી પરિસ્થિતિ નિર્માણ કરતાં હતા અને અર્જુનને લાભ થાય તેવી રીતે રથને હંકારતા હતા. અર્જુનને પણ તેના સારથિમાં પૂર્ણ વિશ્વાસ હતો કારણકે તે જાણતો હતો કે તેનો સારથિ સામાન્ય માનવી નથી.

આપણા જીવનમાં અનેક રૂપે સારથિ જોવા મળે છે. માતા-પિતા આપણા પ્રથમ સારથિ છે, જે આપણમાં સંસ્કાર અને મૂલ્યોનું સિંચન કરી ચારિત્ર્યનું ઘડતર કરે છે. શિક્ષકો જ્ઞાનના સારથિ બનીને ભવિષ્ય ઘડવામાં મદદ કરે છે. સારા મિત્રો પણ સારથિ સમાન છે, કારણ કે તેઓ વ્યક્તિની ભૂલ વિષે સમજ આપે છે અને સાચી દિશા તરફ લઈ જાય છે. વ્યક્તિની જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ તે નવા સંજોગો, પરિસ્થિતિઓ, વ્યક્તિઓના સંપર્કમાં આવે છે અને તેને નવા અનુભવો થાય છે. આવા સમયે વ્યક્તિને યોગ્ય સારથિ મળે તો અનેક પરિસ્થિતિઓનો વ્યક્તિ સક્ષમ બની હકારાત્મક હલ લાવી શકે છે. કારણકે તેને સારથિનું પ્રેરક બળ મળે છે. આવા સંજોગોમાં વ્યક્તિ સારથિની મદદથી યોગ્ય અને સચોટ નિર્ણય કરી શકે છે.

દરેક વ્યક્તિએ તેના જીવનમાં એક વ્યક્તિની પસંદગી અવશ્ય કરવાની જેના પર સંપૂર્ણ ભરોસો રાખી શકાય, તે વ્યક્તિ પોતાને વફાદાર હોય, જીવનમાં આવનાર કોઈ પણ સંકટમાં સાથે રહેશે અને વિષમ પરિસ્થિતિઓનું નિરાકરણ મેળવવામાં મદદરૂપ થાય. મિત્રો, આવી વ્યક્તિ મળવી એટલું સહેલું પણ નથી કારણકે માનવીનું મન હમેશા ન કરવાનું કહ્યું હોય તે પહેલા કરે છે. આજના સમયમાં શ્રીકૃષ્ણ જેવા સારથિની અપેક્ષા કરવી એટલે બહુ વધારે અપેક્ષા રાખવી કહેવાય, પરંતુ વ્યક્તિનું નસીબ જોર કરશે તો તેને યોગ્ય અને ભરોસાપાત્ર સારથિ મળી શકે છે. વ્યક્તિએ તેના જીવનનો રથ હંકારવા સારથિની પસંદગી કરતી વેળા થોડા મુદ્દાઓનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કારણકે યોગ્ય વ્યક્તિ ન મળે તો તે જીવન ધ્વસ્ત પણ કરી શકે છે. સારથિ

એવી વ્યક્તિ પણ ન હોવી જોઈએ જે આપણને મધ દરિયે છોડી જાય અથવા ખરાખરીનો ખેલ હોય ત્યારે ભાગી જાય અથવા આપણને ગેરમાર્ગે દોરે. સારથિની પસંદગી કરવામાં થોડો વધારે સમય લાગે તો વાંધો નથી પરંતુ અયોગ્ય વ્યક્તિના હાથમાં આપણા જીવનની બાગડોર ન જાય તેની તકેદારી રાખવી જરૂરી છે.

સારથિ બનવા માટે માત્ર શક્તિ પૂરતી નથી; સમજદારી, સંયમ અને કરુણા જરૂરી છે. જે વ્યક્તિ પોતાનો સ્વાર્થ છોડીને બીજાના કલ્યાણ માટે કાર્ય કરે છે, તે સાચો સારથિ કહેવાય. જીવનના માર્ગમાં ઘણા વળાંક આવે છે, ત્યારે સારથિ આપણને સંતુલન જાળવી આગળ વધવા મદદ કરે છે. અર્જુનના સારથિ તરીકે શ્રીકૃષ્ણએ માત્ર રથ ચલાવ્યો નહીં, પરંતુ ગીતા દ્વારા અર્જુનને જીવનના સત્ય અને કર્તવ્યનો માર્ગ બતાવ્યો. અહીં સારથિ જ્ઞાન, નૈતિકતા અને ધર્મનો પ્રતીક બની જાય છે. સાચો સારથિ સંકટના સમયે હિંમત આપે છે અને અંધકારમાં પ્રકાશ બનીને માર્ગ દર્શાવે છે. સારથિનું મુખ્ય કાર્ય તેના યોધ્ધાને યોગ્ય માર્ગદર્શન આપવું જેથી ઉચિત માર્ગનું દર્શન થાય અને વિષમ પરિસ્થિતિઓમાં પણ યોધ્ધા વિજય થાય.

આજના સમયમાં યુવા પેઢી માટે તેમનો મિત્રવૃંદ પહેલું વર્તુળ છે જ્યારે તેમનું પહેલું વર્તુળ માતા પિતા હોવા જોઈએ, ખેર જૈસી જિસકી સોચ. આ મિત્રવૃંદ તેમના મિત્રોને સારા અને સાચા માર્ગે દોરશે એવો વહેમ યુવા પેઢીના સર્વે વ્યક્તિઓને હોય છે, આવું એટલા માટે કહું છું કે ઘણી વાર આપણે સમાચારપત્રોમાં વાંચીએ છીએ કે મિત્રવૃંદની ભૂલને કારણે વ્યક્તિએ વેઠવાનું થયું. આજના સમયમાં સાચો મિત્ર શોધવો એટલે લોઢાના ચણા ચાવવા જેવુ છે. આજે લોકો બહુજ સ્વાર્થી થયા છે. લોકો ઈચ્છે કે તેમની કર્તવ્યપરાયણતા સામે બીજી વ્યક્તિ પણ પરસ્પર કંઈક એવા કાર્યો કરે જે માનવને ઉપયોગી થાય. આજના સમયમાં લોકો બહુજ સંકુચિત વિચારસરણી ધરાવે છે. આવા સંજોગોમાં સાચો અને વિશ્વસનીય સારથિ મળવો અઘરું છે. આશા અમર છે, એટલે આપણે નિરાશ થયા વિના એક સારથિની શોધ યથાવત રાખીશું.

અંતમાં કહી શકાય કે, સારથિ એ માત્ર એક પાત્ર નહીં પરંતુ એક વિચાર છે. જીવનના દરેક ક્ષેત્રમાં યોગ્ય સારથિ મળવો સૌભાગ્યની વાત છે. જો આપણે પોતે પણ અન્ય માટે માર્ગદર્શક બની શકીએ, તો સમાજ વધુ સુખી અને સુવ્યવસ્થિત બની શકે. સાચો સારથિ જીવનને અર્થપૂર્ણ અને સફળ બનાવે છે. આ વ્યક્તિ પર આપણે સદૈવ નિર્ભર રહેવાના છીએ તે વાતની જાણ સારથિને હોય છે છતાં જ્યારે તે નકારાત્મકતા કે કપટ વૃત્તિ વિના માર્ગદર્શન આપે છે ત્યારે તે વ્યક્તિ તેના સામાન્ય પદથી કઈ ઊંચે બિરાજમાન થાય છે. આપણે સૌ ઈચ્છીએ કે આપણને એક વિશ્વસનીય સારથિ મળે. 'ગીતા-સારથિ' આપણને કર્મ, કર્તવ્ય અને કરુણાના માર્ગ પર પાછા લાવે છે. માર્ગદર્શન મળે છે, પરંતુ માર્ગ પર આગળ વધવાનો સંકલ્પ તો સ્વયં કરવો પડે છે.

મો. ૯૯૨૪૭૯૬૫૫૫

એક કોરા મુલાયમ કાગળિયાંને એની મોજમાં ઉડવા દ્યો,
આજ એની તમન્નાઓના, મોજાં ખૂબ તરંગે છે,
એના શબ્દો અને અક્ષરો, અનુરાગના રંગે છે,
તાબે કરીને એને સીધાં, હાંસિયે ના ધકેલી દ્યો..
એક કોરા મુલાયમ કાગળિયાં ને...
થાય સમજુ પછી સમાજ એને, જી જી હાજી કરાવશે,
રીત અને રિવાજો કેરાં, ચકરડે જરૂર ચડાવશે.
આ પળે એને કાલુ, ઘેલું, આલે તું લે ભણવા દ્યો.
એક કોરા મુલાયમ કાગળિયાં ને...
અંતે તો એ શીખશે જ, જે દુનિયા એને શિખડાવશે,
શબ્દોકેરી હારમાળ, એનાં વિચારે ચિતરશે,
ચાંદામામા સાથે એને, સંતાકુકડી રમવા દ્યો..
એક કોરા મુલાયમ કાગળિયાં ને...
આખું યે જગ આમ ને તેમ,ભલે ને ઉચાળા કરતું ,
મનફાવે તેમ રોફ જમાવી, હેમર ભાષા ભણતું,
ઈ કાગળ, કલમ સોંપી 'જગત'નાં લેખો લખવા દ્યો
એક કોરા મુલાયમ કાગળિયાં ને...

- જગદીશભાઈ સરવૈયા,

## (૧૩) 'શુકન-અપશુકન'

**હીરજી ભીંગરાડિયા**

"મા ! તમે ક્યાં જવા તૈયાર થયા છો ? મારે તમારી સાથે આવવું છે."

"અરે ભૂંડી ! તેં તો મૂરત્યમાં જ "ક્યાં કારો" કર્યો ? "કેણપા જાવ છો" એમ નથી કહી હકતી ?" વીરુમાએ પૌત્રીને ખખડાવી નાખી.

"ભલે મા ! કેણપા જાઓ છો ? મારે આવવું છે.", "હું અહીં સીમાડે આવેલ પંચવટીની વાડીએ જાવ છું. ન્યાં તારી જેવડું કોઈ નૈ હોય. ન્યાં માલપરા-સોહલા-અણિડા-આંકડિયા અને આપડું ગામ સાજણાવદર- એમ પાંચ ગામની મારી જેવડીયું મોટી ઉંમરની બાયુંને દર વરહે શરાવણ મહિનામાં ગોદાવરી બા વાડીએ કિરતન કરવા ભેગ્યું કરે છે. એમાં તને ટપો નહીં પડે. છતાં આવવું હોય તો હીંડ્ય, વાડી કંઈ બહુ છેટી નથી.

"હાલો હાલો, મજો પડી ગયો ! મારેય કીર્તન શીખવા છે." કહી પૌત્રી તો કુદતી કુદતી માંડી ચાલવા.

'અરે ઊભી રે ઊભી રે, વાલામૂઈ ! હાલવા કાં માંડી? આ કૂતરું કાન કરે છે ઈ નથી ભળાતું ? વીરુમાએતો પૌત્રીને એકદમ રોકી

"મા, ઈ તો એના કાનમાં ખજવળ આવે એટલે એમ કરતું હશે. એમાં આપણે શું કામ ઊભા રહી જવાનું ?"

"તું તો ઢાંઢા જેવડી થૈ તોય પૂરી ભાન નો આવી ! આપણે કોઈ સારા કામે બહાર જતા હોઈએ અને કૂતરું કાન કરે એટલે અપશકન થયા ગણાય બેટા !",

"અપશુકન થાય તો શું થાય મા ?" પૌત્રીને અપશુકનમાં સમજણ ન પડી.

"સોપડા તો તું ગાંહડી એક ફેરવ્ય છો, એમાં ક્યારેય અપશકનની વાત આવતી જ નથી ?" જો અપશકન થાય તો જે કામે જતા હોઈએ એમા સિદ્ધિકલ્યાણ નો થાય, કૈંક ને કૈંક નો થાવાનું થાય બાઈ !'વીરુમાએ પૌત્રીને અપશુકનનું શાસ્ત્ર સમજાવ્યું.

" તો હવે આપણે બહાર જવાનું બંધ રાખવું પડશે ને મા ?" નિરાશ થઈને પૌત્રી બોલી.

"ના ભૈ ના ! ઘડીક ઊભા રહી જઈ નીચે બેહી ગયા પછી હાલતા થઈએ તો અપશકન ટળી ગયા ગણાય. થોડીવાર પછી હાલ, હવે હાલતા થાઈ, હવે વાંધો નહીં". માનો આવો ઉકેલ સાંભળી પૌત્રીને ઇંતેજારી થતાં પૂછી રહી કે " તે હેં મા ! કૂતરાથી બીજા કોઈ અપશુકન થાય ખરા ?" મા એ ખુલાસો કરતા કહ્યું, "થાય ને બેટા ! કોઈની ડેલી કે ખડકીને બારણે કૂતરા ભેળાં થૈ લાંબા રાગે કાણ ચરોવું માંડે એટલે સમજવું કે એ ઘર માથે ભાર આવ્યો છે. કૂતરા જમને ભાળતાં હોય, એ ઘરે કોઈ ગઠ્ઠા-બુઠ્ઠાનો જીવ લેવા "જમ"ના આવવાના એંધાણ લાંબા રાગે રોઈને કૂતરા આગમ ભાખતા હોય એવું હું એકલી નહીં, આખા ગામની બાયું સમજે છે, તું ન સમજી ?" "હેં મા ! કૂતરાની જેમ બિલાડી કાન કરે તો અપશુકન ન થાય ?" પૌત્રીને તો "કાન કરવા" માં બહુ રસ પડ્યો..

"અરે બાઈ ! તને તો શેનીય ખબર નથ્ય. બહાર જતા હોઈએ અને મીંદડી આડી ઉતરે તોય અપશકન થાય."

"પણ મા ! મારા મામાના ઘેર પાળેલી બિલાડી છે. એ તો ઘેર આમથી તેમ ભટકાયા જ કરતી હોય છે, એનું શું સમજવું ?" પૌત્રી કેડો છોડતી નહોતી. "" હેં બેટા, તારામાં કે'દિ સમજણ આવશે ? પાળેલી મીંદડીનો બાદ નહીં. બીજી

મીંદડી જ નડે.''

''તો તો પછી કૂતરા-બિલાડાંની જેમ આપણાં ગામડાઓમાં તો ઘોડા-ગધેડા-બકરાં-ઘેટાં-ગાયો-ભેંશો જેવા જાનવરો બહુ હોય છે. આમાનાં કોઈ શુકન કે અપશુકન કરાવે ખરા ?'' પૌત્રી વીરુમાને છોડતી નહોતી.

''છોડી તું તો બહુ ચીબાવલી ! પડપૂછ મૂકતી જ નથી. આમ ધ્યાન રાખીને હાલ્ય, જો સામેથી વિહલા ભરવાડનું ભેંહોનું ખાડું હાલ્યું આવે છે, એકાદી શીંગડે ચડાવી દેહે ને તો આપણે તો આંય ને આંય કિરતન ગાતા થૈ જાહું. એને જ અપશકન થયા ગણાય''

''અને મા, જો ગાયો સામી મળે તો શું થાય ?'' પૌત્રીના સવાલો તો ઉપરા ઉપરી આવ્યે જ રાખતા હતા..''જો એકાદી ગાય કે ગાયોનું આખું ટોળું સામું મળે તો -ગાય તો માતાજી ગણાય- બહુ સારા શકન થયા ગણાય.''

''અને મા, ઘોડા-ગધેડા સામા મળે તો ? પૌત્રીને મન તો બધાં પ્રાણી સમાન હતાં ''ઘોડા-ગધેડા સામા મળશે ત્યારે જોયું જાહે, પણ તું જરાક હેઠું જોઈને હાલ્ય, ક્યાંક પડી આખડી તો તારી બાને હું શું જવાબ દૈશ કે મોટે ઉપાડે લઈ ગ્યા તા કીરતન કરવા હારે ને લંગડી કરીને લાવ્યા ?'', ''નહીં મા, હું નીચે જોઈને, બરાબર ધ્યાન રાખીને જ ચાલુ છું ને ! અરે મા, પણ અહીં જુઓ તો, રસ્તામાં આવો વાંકોચુંકો સુંવાળો લીસોટો કોણે કર્યો હશે ?'' પૌત્રીએ મા ને મારગમાં દેખાઈ રહેલો લીસોટો દેખાડ્યો.

''અરે વાલામૂઈ ! આ તો અહીંથી એરુ-સાપ હાલ્યો હશે એનો લીહોટો ધૂળમાં અંકાઈ ગયેલો છે. એ તો સારું કર્યું કે આપણે આવ્યા પહેલાં જ અહીંથી પસાર થઈ ગયો. ન કરે નારાયણ ને બરાબર આપણી સામેથી જ જો આડો ઉતર્યો હોત તો તો નક્કી પાછું સાજણાવદર જાવું પડત. એરુ આડો ઉતરે ઇ તો મોટા અપશકન કહેવાય ! સારું થયું કે એ નીકળી ગયા પછી આપણે આવ્યાં''

''તમારી ઇ વાત ખરી હો મા ! પણ આવા ખેતર-વાડીઓના રસ્તાના કાંઠેના ઘાસ-પૂસ કે ઝાળા-ઝાપટામાં તો કાચિંડા-નોળિયા-ઘો-સાપ-ઉંદરડાં જેવા જંગલી જીવડાં હરતાં ફરતાં હોય. આવા સ્થળો તો એનાં રહેણાક ગણાય, એવી અમારા પર્યાવરણના વર્ગમાં સરે વાત કરી હતી.'' ''અરે ગગી ! ઈ તો સારું છે કે અત્યારે મે-વરસાદની રત્ય નથી. નહીં તો આપણે આમ હાલ્યા જતા હોઈએ અને જો બાજુમાં ચંદન ઘો નીકળે તો તો કઠણાઈ જ બેહી જાય !'' – '' એવું કેમ મા ?'' પૌત્રીએ વળી ચોખવટ માગી.

''એવું કહેવાય છે કે ચંદનઘો ઉપર વીજળીને બહુ દાઝય છે. એને તો એ ભાળી ન મૂકે. એટલે ચોમાહામાં ક્યાંય ચંદનઘો નજરે થાય તો ઝટ ઝટ દૂર ભાગી જવું, એમાં ભૂલ નો કરવી હો દીકરી ! હવે આગળ જો, ઓલ્યા મોટાં ઝાડવા દેખાય છે ને, ઈ ગોદાવરીબાની વાડીના જ છે. વાડી હવે ઢુકડી આવી ગઈ છે. તને એક વાત પહેલેથી જ કહી દઉં છું કે ન્યાં તો પાંચ ગામની બાયું ભેળી થઈ હશે. તે બધ્યુ કીરતન કરશે, રાહડા ગાશે, કાળુભાર નદીના બેલડિયે ધરે નાવા જાશે અને પછી ગોદાવરીબા બધાને ફરાળ કરાવશે. એટલે છેક રોંઢો ઢળ્યે બધા છૂટા થાહે. પણ મારી વાત બરાબર હાંભળ્ય, આજ સવારના પહોરમાં માતાના મઢના લીમડે ,મારી સામું જોઈ જોઈ કાગડો બોલતો હતો. નક્કી કોઈ મહેમાન આવશે જ ! એટલે આપણે તો ફરાળ કર્યા ભેળું જ ખેંતાળી મૂકવાનું, તે વહેલું આવે સાજણાવદર! આપણે બીજાનો વદાડ નહીં, સમજી ?'' માએ ચેતવણી આપી.

''તે કાગડો બોલે એટલે મહેમાન આવે અને કબૂતર-હોલું કે કોયલ-ચીબરી બોલે તો ?'' પૌત્રીને બધાં પંખી સરખાં લાગતાં હતાં. ''તેં ઠીક યાદ કરાવ્યું. ઘરના મોભારે જો હોલું બોલે તો એનો અરથ એમ થાય કે એ ઘર માથે ભાર છે, એ ય અપશકન જ ગણાય. અને ચીબરી ! ચીબરી તો બોલીને

એવા ગભરાવી મૂકે કે પછી રાત્ય આખી ઊંઘ જ ન આવે ! લે હવે પડપૂછ મૂક્ય પડતી, જો વાડીના દરવાજે ગોદાવરીબા આવકારો દેવા ઊભા છે. હેઠી નમીને પગે લાગજે પહેલાં. બા, આ મારા પશાની છોડી-ભણે છે સુરતમાં. લે હવે પૂછ્ય પૌત્રીને સંબોધીને શકન-અપશકનનું આ બા ને અને કર્ય ચોખવટ તારા મનના મુંઝારાની. આખી વાટે પડપૂછ કરી કરી મારો તો જીવ ખાઈ ગઈ છે હો બા !" વીરુમાએ ગુંચવણનો હવાલો ગોદાવરીબાને સોંપ્યો.

"કેમ બેટા, કેવી ચોખવટ કરવાની બાકી રહી ગઈ છે ? કહે, મને જાણ હશે એટલાની વાત કરીશ." ગોદાવરીબાએ પ્રશ્ન સંભાળ્યો.

"ગોદાવરીબા ! આ મારી મા શુકન અને અપશુકનની એવી વાત કરે છે કે મને કાંઈ ગળે ઉતરતું નથી. શું આવું કાંઈ સાચું હોય ?"

"જો બેટા, બીજી બહેનો આવી રહી છે, એમનુંયે પહેલાં સ્વાગત કરી લઈએ. શુકન-અપશુકનનો તો લાંબો જવાબ આપવો પડે તેવું છે. એમ કરજે, હમણા ધીરજ રાખ. પણ આપણે સભામાં બેસીએ ત્યારે તું મને આ પૂછજે. શુકન-અપશુકનનું ભૂત તો ઘણી બહેનોને વળગેલું છે. મારે તો તમામ બહેનોને આ કહેવું પડે તેવું છે." ગોદાવરીબાએ તત્પૂરતી વાત વાળી લીધી.

ભગવાનના ફોટા સામેની ધૂપ-દીપની વિધિ પૂર્ણ થયે સત્સંગની શરૂઆતપૂર્વે ગોદાવરીબાએ ઊભા થઈ સૌની સમક્ષ રજૂઆત કરી કે "બહેનો, સાંભળો ! આપણાં કીર્તનમંડળમાં કાયમ સાથે રહેતા વીરુમાને તો તમે બધા ઓળખો છો. તેઓની સાથે આજ તેમની પૌત્રી નિરાલી પણ આવી છે. જે સુરતમાં અભ્યાસ કરી રહી છે, એ આપણને કેટલાક સવાલો પૂછવા માગે છે. બોલ બેટા નિરાલી! તારે શું પૂછવું છે ?" ગોદાવરીબાએ રજૂઆત કરવાની રજા આપી.

"ગોદાવરી બા, મારી મા મને એવી વાત કરે છે કે ક્યાંય બહાર જતાં હોઈએ ત્યારે કોઈ "ક્યાં કારો" કરે, કૂતરું કાન કરે, કે બિલાડી આડી ઉતરે તો અપશુકન થાય, ને સાપ આડો ઉતરે તો તો મોટા અપશુકન થાય. અને જે કામે જતા હોઈએ ત્યાં સફળ ન થવાય" એવું કંઈ હોતું હશે બા ?" નિરાલીએ પોતાના મનનો મુંઝારો રજૂ કર્યો. "જો બેટા ! આ બધા તો આપણી જેમ કુદરતે જન્માવેલા જીવ છે. અને એ બધા માટે હરતા ફરતા રહેવું અને એનાં અંગ-ઉપાંગોને હલાવ્યા કરવાનું સ્વાભાવિક ગણાય. એ ભલેને એની રીતે હર્યાંફર્યાં કરતાં, એમાં આપણને શું ફેર પડવાનો હોય ?" શુકન કે અપશુકન એ આપણા મનમાં ઘર કરી ગયેલા માત્ર વહેમ છે. જેના ઉદરમાં નવો જીવ સંચરી રહ્યો છે એવી બહેન સામી મળે એ તો બધાં કરતાં સારું ગણાય. એનો તો સત્કાર કરવો જોઈએ. એને બદલે આપણે સ્ત્રીઓ ઊઠીને એને ઉવેખવાનું વલણ લઈએ એતો આપણા માટે શરમજનક ઘટના ગણાય. ગંભીતાથી વિચારજો સૌ બહેનો. બોલ બેટા નિરાલી, બીજી કઈ બાબતની ચોખવટ જોઈએ છે?

"ગોદાવરી બા, મેં મારી માને એવું પૂછ્યું કે જો ઘોડા-ગધેડા સામા મળે તો શુકન થાય કે અપશુકન ? તો જવાબ ન આપ્યો."

"ગોદાવરી બા, મારી મા એમ પણ કહે છે કે મોભારે હોલું બોલે કે ઘર સામે ચીબરી બોલે એટલે એ ઘર માથે "ઘાત" ગણાય, એ સાચું ?" "અરે દીકરી, હોલું તો સાવ ભોળું ને ગરીબડું પંખીડું છે. એને પોતાનો માળો સરખો બનાવતાયે નથી આવડતું. એ શું બોલે છે એની એને ખુદને ખબર હોતી નથી. અને ચીબરી અને ઘુવડ તો આપણી મોલાતોના રાતના રખેવાળ છે. રાત્રિ દરમ્યાન ખેતીપાકોને નુકશાન કરનારા ઉંદરડાંઓને પકડી પકડી ઓહિયા કરી જનાર ખેડૂતોના મિત્રો ગણાય.

અને સાંભળ, આપણે માણસો તો આવી સાવ હંબક માન્યતાઓને મગજમાં સાચવી રાખી માત્ર શુકન-અપશુકન જ નહીં, પણ પ્રકૃતિના કેટલાક પશુ-પક્ષીઓનો નાશ નોતરવા સુધીના કુકર્મો કરતા અચકાતા નથી. આપણા જ દેશમાં દિલ્હી વિસ્તારમાં એવી અંધશ્રદ્ધા પ્રસરે છે કે ''દિવાળીના તહેવારમાં જો ઘુવડની બલિ ચઢાવવામાં આવે તો ધન-સંપતિમાં વધારો થાય છે''. આમ સ્વાર્થી લોકો આવી આંધળી શ્રદ્ધામાં નિર્દોષ પંખીઓનો જીવ લે છે. દર વરસે દિવાળીએ મોટી સંખ્યામાં ઘુવડોની બલિ ચઢાવવામાં આવે છે. આવું તો ન જ કરાયને બેટા ? આ પૃથ્વી ઉપર માત્ર માણસોને જ જીવવાનો અધિકાર છે શું ? નાનેથી માંડી મોટા સુધીના બધા જીવો-પછી તે જમીન પર વસનારા હોય, પાણીમાં વસનારા હો કે આકાશે વિહરનારા હોય-બધા જ પ્રકૃતિના સંતાનો છે. બધાને પ્રકૃતિએ સમાન જ રક્ષણ અને ભક્ષણની સૂઝબૂઝ અને સુવિધા બક્ષેલી છે. સૌને સૌની રીતે વર્તન કરવા દેવામાં આપણને વાંધો શેનો છે ભઈ !

અરે, અભ્યાસ બાદ વૈજ્ઞાનિકોનું તારણ છે કે મનુષ્યોએ ખુદની રક્ષા માટે અન્ય નાના-મોટા જીવો સૌ જીવોને બચાવવા જરૂરી છે. આપણે ત્યાંની મનુષ્યોની વસાહતોમાં મકાનોની દિવાલો પર હરતી ફરતી ગરોળીઓ અને આંગણબાગમાં કુદાકૂદ કરતાં દેડકાં જેવા જીવો લુપ્ત થયા તો માઠા પરિણામો મળી શકે છે. માણસની તંદુરસ્તીને વેડતી કેટલીય જીવાતોનો સફાયો કરવાનું કામ ગરોળી-દેડકાં કરી રહ્યા છે. આવા જીવોની જ્યારે જ્યારે સંખ્યા ઘટી છે ત્યારે ત્યારે બીમારીઓએ મનુષ્યોની મુશ્કેલીઓ વધારી છે.

આ પશુ-પક્ષીઓના આવાગમન કે બોલવા થકી શુકન-અપશુકન થવાના હોય એવો તો અમોને કે અમારા પંચવટી આખા પરિવારને વિચાર સુદ્ધાં આવ્યો નથી. અમારે તો અહીં વાડીના આ દરવાજામાં દાખલ થયા ભેળા જ ગાયો ને બળદિયા તો ભાંભરે બોલે પણ, મોર અને ઢેલડીએ ગહેકવા માંડે, અમારો રોટલિયો રખેવાળ ગલો તો પગમાં મોર્ય મોર્ય આળોટવા માંડે ! અરે, અમારી પાલતુ મધમાખીઓ પણ ગણગણાટ કરતી માથા ઉપર ભમવા લાગે ! એ બધાની આવી લાગણીને શું શુકન કે અપશુકન જેવા વાહિયાત ભ્રમમાં ખપાવવાના? એ બધાં તો અમે વાડીએ આવ્યા એનો હરખ અને રાજીપો વ્યક્ત કરી રહ્યા છે એવું અમે માનીએ છીએ બેનડી ! બસને હવે ! ખૂબ વાતો થઈ અંધશ્રદ્ધામાંથી બહાર નીકળવાની. આપણે હવે કીર્તન શરુ કરીએ.

મો-૯૩૨૭૫ ૭૨૨૯૭

**પ્રાર્થના**

હે પ્રભુ, સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય
અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ.
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી તેમાં કેમ લાગ્યા રહેવું તે મને શીખવ.
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે તટસ્થ
કેમ રહેવું તે મને શીખવ.
મુશ્કેલીઓ ચારે બાજુથી ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતિક્ષા
કેમ કરવી તે મને શીખવ.
-કુન્દનિકા કાપડિયા

## (૧૪) જ્ઞાનનું અનુભૂતિમાં રૂપાન્તર

ડૉ. બી. એમ. શેલડિયા

બુદ્ધિનું કામ સમજવાનું છે અને સમજણથી જ અટકી જવાનું નથી. હૃદયનું કામ, ભાવનાનું કામ, જે જ્ઞાન સમજમાં આવ્યું છે, તેને પચાવીને અનુભૂતિમાં રૂપાન્તરિત કરવાનું છે. અને જે જ્ઞાન માત્ર સમજણની ભૂમિકાએ જ સ્થગિત થઈ જાય છે, અને અનુભૂતિમાં રૂપાન્તરણ નથી પામતું, આવું જ્ઞાન માત્ર બોજો જ નથી બનતો, વિષાક્ત થઈ જાય છે. તેથી જેટલાં જ્ઞાનને સમજણની ભૂમિકાએથી અનુભૂતિની ભૂમિકાએ લઈ જઈ શકાય એટલું જ જ્ઞાન મસ્તિષ્કમાં ભરવું જોઈએ. અન્યથા જ્ઞાનનો પણ અપચો થાય છે.

આપણે ભોજનમાં એવો જ ખોરાક લઈએ છીએ, જેને આપણે પચાવી શકતા હોઈએ છીએ. જેને આપણે નથી પચાવી શકતા, તેને નથી ખાતાં. અને ખાવો પણ જોઈએ નહીં. કારણ કે એવા ભોજનને ખાવાનો અર્થ થાય છે કે આપણે વ્યર્થનો બોઝો પેટમાં નાખી રહ્યાં છીએ અને શરીરની વ્યવસ્થાને રુગ્ણ બનાવીએ છે. જો આ પ્રકારની ચીજો ખાતાં જ રહીએ, તો આપણે શરીરને પૂરી રીતે નષ્ટ કરી નાખીશું અને તો ભોજન આપણું જીવન બનશે નહીં, મૃત્યુ બનશે.

'શબ્દ' પણ ભોજન છે. આપણે એવું નહીં માનવું જોઈએ કે સાંભળી લીધું અથવા વાંચી લીધું. સાંભળી લીધું નથી, વાંચી લીધું નથી, વાત આપણી અંદર ચાલી ગઈ. હવે આપણે તેનાથી બચી શક્તા નથી. કંઈક કરવું પડશે. કાંતો તેને પચાવવું પડશે અથવા અંદર બીમારી નિર્માણ કરશે.

ઘણાં લોકો જ્ઞાનથી બીમાર છે. તેને જ્ઞાનનો અપચો થઈ ગયો છે. ખૂબ સાંભળી લીધું, ખૂબ વાંચી લીધું, ચારે તરફથી ભેગું કરી લીધું છે અને પચાવવા માટેની તેને કોઈ સુઝ-બૂઝ નથી. તે ભૂલી જ ગયાં છે કે મેળવેલ માહિતીને પચાવવાની પણ છે -સમજણને અનુભૂતિમાં રૂપાન્તર કરવાની છે. હવે એ બધી જ માહિતી પથ્થરની જેમ છાતી ઉપર બેસી ગઈ છે. એનાથી શ્રેયસ્કર તો એ છે કે સાંભળીએ નહીં, વાંચીએ નહીં. જ્યારે એમ લાગે કે હવે પચાવવાની પણ તૈયારી છે, તો!

બુદ્ધિ અંદર લઈ જવાનું દ્વાર છે. ભાવ પચાવવાની વ્યવસ્થા છે. સાંભળીએ, વાંચીએ, બુદ્ધિથી સમજીએ, અને ભાવ સુધી પહોંચાડી દઈએ.

ચોક્કસ જ બુદ્ધિ બે પ્રકારનાં કામ કરે છે. કાં તો ભાવ સુધી પહોંચાડી દે અથવા બહાર ધકેલવાની કોશિશ કરે, અંદર ન આવવા દે. જો આપણે ફક્ત તર્કનો જ ભરોસો કરતાં હોઈએ, તો આપણી બુદ્ધિ માહિતીને બહાર ધકેલવાની શરૂઆત કરી દેશે. કારણ કે જે વાત તર્કની પકડમાં નહીં આવે, બુદ્ધિ કહેશે, અંદર ના લાવો. અને જેટલી કીમતી વાત છે, કોઈ પણ તર્કના પકડમાં નથી આવતી. કારણ કે તર્કની વાતમાં આ જ વાત પકડમાં આવી શકે છે, જે ફક્ત તર્ક હોય. અનુભવની કોઈ પણ વાત તર્કની પકડમાં આવી શક્તી નથી. તર્ક અને અનુભવનો ક્યાંય મેળ હોતો નથી. ઉદાહરણથી વાત વધારે સ્પષ્ટ થશે. એક નાનાં બાળકને નિર્દોષતાથી બચી ભરીએ છીએ. તર્ક કહેશે કે બચી નહીં ભરવી જોઈએ. કારણ કે બચી ભરવાનો અર્થ થાય છે, બાળકના ગાલ પર રહેલા જેમ્સ આપણા શરીરમાં લેવા. તર્ક આ વાતનો વિરોધ કરશે. પરંતુ બચી ભર્યા પછી જે અનુભવ થાય છે, તેને તર્ક સાથે કોઈ નિસ્બત હોતી નથી. તર્ક અને અનુભવનો કોઈ મેળ હોતો નથી.

એક પ્રજ્ઞાચક્ષુ માણસ છે; તેને પ્રકાશ નથી દેખાતો.

આપણે તેની સામે ગમે તેટલા તર્ક કરીશું, ગમે તેટલી દલીલો કરીશું, તો પણ તેને કંઈ સમજમાં આવી શક્તું નથી. તે પ્રજ્ઞાચક્ષુ અસ્વીકાર જ કરતો રહેશે. તે સામે તર્ક કરશે; આપણને ખોટાં સાબિત કરશે. જો તેની બુદ્ધિ તર્કથી જ ચાલતી હશે, તો તે દેખતાને ખોટો સાબિત કરશે.

આપણે બધાં જ પરમાત્માના સંબંધે આમ જ વર્તન કરીએ છે, તર્કથી જ ચાલીએ છીએ, અસ્વીકાર કરતાં જ રહીએ છીએ. અસ્વીકારનો એક અવરોધ ઊભો થઈ જાય છે. પછી કોઈ ચીજ અંદર પ્રવેશ કરતી નથી. તર્ક પહેલાં જ કહી દે છે, બેકાર છે. વાત ગણિતમાં આવતી નથી. અનુભવની વાત રહસ્યમય લાગે છે. આ આપણી સીમા નથી. તર્ક કહી દે છે, આને બહાર છોડો.

બુદ્ધિ બીજું કામ કરી શકે છે કે બુદ્ધિ દરવાજો બની જાય. જે અનુભવમાં આવવા યોગ્ય હોય, ચાહે તર્કની સમજમાં આવતું પણ ન હોય, તેના ઉપર પ્રયોગ કરવાની હિમ્મત સદ્‌બુદ્ધિ છે. અન્યથા બુદ્ધિ દુર્બુદ્ધિ થઈ જાય છે. ના, મને અનુભવ નથી, પરંતુ હું પ્રયોગ કરીને જોઈશ.

હજારો ચીજ છે, જે આપણા અનુભવમાં નથી. પરંતુ આપણે પ્રયોગ કરીને જોઈએ, તો આપણો અનુભવ વધી શકે છે. અને બીજી ચીજો અનુભવમાં આવી શકે છે. પ્રયોગ કર્યા પછી પણ જો અનુભવમાં ન આવે, તો ન માનીએ. પરંતુ અનુભવ પહેલા જ અસ્વીકાર કરી દેવો અજ્ઞાન છે.

તેથી ઈશ્વરને, આત્માને, મુક્તિને, આનંદને, અદ્વૈતને, અનુભવ વિના જ અસ્વીકાર કરી દેવો અજ્ઞાન છે. આપણે આપણને અનુભવનો એક મોકો આપીએ. અત્યાર સુધી જે કોઈએ અનુભવ કર્યો છે, તે અસ્વીકાર નથી કરી શક્યાં. અને જેઓએ અસ્વીકાર કર્યો, તેણે અનુભવ નથી કર્યો, ફક્ત તર્કથી જ વાત ચલાવી છે.

તર્ક બહું જ ખતરનાક હોઈ શકે છે અને તર્ક ખોટી ચીજોના પક્ષમાં પણ આપી શકાય છે. તર્ક સાચી ચીજોના વિરોધમાં પણ આપી શકાય છે. તર્કથી,શંકાથી આગળ વધી જઈને પ્રામાણિકતાપૂર્વક જીવની જ સાર્થક છે.

**નઈ તાલીમ**

‘સા વિદ્યા યાવિમુત્કયે. જેનાથી મુકિત મળે એ જ સાચી વિદ્યા, એ જ સાચી કેળવણી. વિદ્યા એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને મુકિત એટલે છૂટકારો એવો અર્થ નથી કરવાનો. વિદ્યા એટલે કલ્યાણકારી લોકોપયોગી બધું કામ અને મુકિત એટલે આ જીવનમાં સર્વ પ્રકારના દાસત્વમાંથી છૂટી જવું. આવી મુકિત આપતી કેળવણી દરેકને આપવાની છે.

શાંત,અહિંસક અને જાગૃત સમાજ માટેના સ્વસ્થ-સમતોલ દૃષ્ટિવાન નાગરિક તૈયાર કરવાની અને સ્વરાજયની ગંગા ગરીબના ઝૂંપડા સુધી અને હિંદુસ્તાનના નાનામાં નાના ગ્રામવાસી સુધી પહોંચાડનારી કેળવણી આપણે આપવી પડશે. એ કેળવણી એટલે નઈ તાલીમ.

મારી નઈ તાલીમની વ્યાખ્યા એ છે કે, જેને નઈ તાલીમ મળી છે તેને જો ગાદી પર બેસાડશો તો તે ફૂલાશે નહીં અને ઝાડુ આપશો તો તે શરમાશે નહીં. તેને માટે બંને કામની સરખી જ કિંમત હશે. તેના જીવનમાં નકામા મોજશોખને તો સ્થાન હોઈ જ ન શકે. તેની એક પણ ક્રિયા અનુત્પાદક કે અનુપયોગી નહીં હોય. નઈ તાલીમનો વિદ્યાર્થી ઢબ્બુ તો રહી ન શકે, કેમકે, તેના પ્રત્યેક અંગને કામ મળશે, તેની બુદ્ધિ તથા તેના હાથ સાથે સાથે ચાલશે. લોકો હાથે કામ કરશે ત્યારે બેકારી અને ભૂખમરાનો તો સવાલ જ નહીં રહે. મારી નઈ તાલીમ અને ગ્રામોદ્યોગ એક જ સિક્કાની બે બાજુઓ છે. એ બંને સફળ થશે તો જ સાચું સ્વરાજ આવશે.’

-ગાંધીજી

## (૧૪) સંસ્થા સમાચાર (મે, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાના સઘન અભિયાન અંતર્ગત રાસાયણિક ખાતરોના સંકલિત ઉપયોગ માટે વિવિધ વિસ્તરણ કાર્યકમો જેવા કે ખેડૂત તાલીમ, કિસાન ગોષ્ઠિ, જાગૃતિ કાર્યક્રમ, નિર્દશન વગેરેનું આયોજન કરવામાં આવ્યું. આ અભિયાન તા. ૨૦-૦૪-૨૦૨૬થી ૨૦-૦૬-૨૦૨૬ સુધી કાર્યરત રહેશે.
- તા.૦૧ના રોજ બુદ્ધ જયંતી(બુદ્ધ પૂર્ણિમા) નિમિત્તે લોકભારતીનો સ્થાપનાદિન હોઈ, સાયંપ્રાર્થનાને અંતે શ્રી અરુણભાઈ દવેએ થોડી પ્રાસંગિક વાત કરી અને અંતે આઇસક્રીમ અને પેંડાથી 'મધુરેણ સમાપયેત્'થી સૌ છૂટાં પડ્યાં.
- તા.૦૩ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ સરસ્વતી આનંદ આશ્રમ-જોધપુર નદી મુકામે શ્રી ભાણદેવજીની શુભેચ્છા મુલાકાતે જઈ આવ્યા. આશ્રમમાં ફરીને શાંતિથી મુલાકાત પણ લીધી. ઉભય પક્ષે પ્રસન્નતા વ્યક્ત થઈ.
- તા.૦૮થી ૧૬ દરમિયાન લોકસેવા પ્રથમ વર્ષ સેમ-૧ની યુનિવર્સિટી આયોજિત પ્રાયોગિક પરીક્ષા યોજાઈ ગઈ. પરીક્ષા પૂર્ણ કરી વિદ્યાર્થીઓને વેકેશનની રજા આપવામાં આવી.
- લોકસેવા મહાવિદ્યાલયને મળેલી એન.ઓ.સી.અંતર્ગત જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા તા ૯/૫/૨૦૨૬ના રોજ સંવાદકક્ષમાં યોજવામાં આવી.
- તા.૧૧ના રોજ અધ્યાપનમંદિરમાંથી શ્રી અમિતભાઈ સાસાણી GCERT ખાતે યોજાયેલ ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સુધારણા કાર્યશાળામાં જઈ આવી ગયા.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી શ્રી પરાગભાઈ ત્રિવેદી તા.૧૩ના રોજ સાંજના શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિને સમિતિનાં કેટલાંક કાર્યો અર્થે મળવા આવી ગયા.
- તા. ૧૪ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રેવા ગામે ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું અને ૧૦ ખેડૂતોને અગ્ર હરોળ નિર્દશન અંતર્ગત ફોસ્ફરીક ઍસિડનું નિદર્શન આપવામાં આવ્યું.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપકમંડળની એક બેઠક તા.૧૫ના રોજ સાંજે ૦૫-૦૦ કલાકે સંવાદખંડમાં યોજાઈ ગઈ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૧૮/૦૫/ ૨૦૨૬થી તા ૧૫/૦૮/૨૦૨૬ સુધી ત્રણ માસ માટે તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૫ શરૂ થયેલ છે. જેના વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં તા ૧૯/૦૫/૨૦૨૬ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહી વર્ગને ખુલ્લો મૂક્યો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મહિલા તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૫ શરૂ થતા મહેમાન વ્યાખ્યાતા તરીકે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી તેમજ નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી

શ્રી રતિલાલ બાબુલાલ વિસાણી તરીકે લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં જોડાયેલ છે.

- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના અને ગ્રાદમૂ.આંબલા-મણારના ટ્રસ્ટીશ્રીઓ/હોદ્દેદારશ્રીઓ, કૃષિ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી અને ખેતી જવાબદારી સંભાળતા મુખ્ય કાર્યકરો, લોક-૦૧ ઘઉંના બિયારણનું મોટું ઉત્પાદન કરતી ભગિની સંસ્થા ગ્રાદમૂ.-મણારના ખેતી સંભાળનારા મુખ્ય કાર્યકરો એમ બધાની એક સંયુક્ત બેઠક તા.૨૩ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે લોકભારતી ખાતે યોજાઈ ગઈ.
- લોકસેવા મહાવિદ્યાલયને મળેલી એન.ઓ.સી. અંતર્ગત વિસ્તરણ અધિકારીની ભરતી પરીક્ષા તા ૨૯/૫/૨૦૨૬ના રોજ લોકભારતી યુનિવર્સિટીના ઍકેડેમિક વર્ગખંડમાં યોજવામાં આવી.
- લોકભારતીમાં SPICMACAY દ્વારા આયોજિત સંગીતના ઘણા કાર્યક્રમો થયા છે IIT–ખડગપુર(પશ્ચિમ બંગાળ) ખાતે SPICMACAYના ૧૧માં આંતરરાષ્ટ્રીય સંગીત-નૃત્ય સમારોહમાં લોકભારતીમાંથી છ જેટલી વિદ્યાર્થિનીઓને લઈને કાર્યકર શ્રી ધરતીબહેન જોગરાણા તા.૨૫થી ૩૧ દરમિયાન ભાગ લેવા જઈ આવ્યાં.
- લોકભારતીના શુભેચ્છક અને જાણીતા એડવોકેટ શ્રી બી.એમ. માંગુકિયા તા.૩૦મી રોજ લો.ભા.ની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેમની સાથે શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ લોકભારતીના પાણીના પ્રશ્ન અન્વયે ચર્ચા-વિચારણાઓ કરી.

**આંબલા સમાચાર**

- વર્ષ ૨૦૨૫ – ૨૦૨૬માં લેવાયેલ ધોરણ – ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૧૦૦% આવેલ છે. સૌ વિદ્યાર્થીઓને શાળાના કાર્યકરોએ તેમજ ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવેલ છે.
- એકલબાર ગામમાં ગ્રીષ્મ બાલશિબિર યોજાઈ, બાળકોમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ જાગ્યો તા. ૦૬ મે ૨૦૨૬થી ૨૦ મે ૨૦૨૬ દરમિયાન મોજીલા પ્રોજેક્ટના કાર્યક્રમ સંયોજક શ્રી રાહુલભાઈ જુણેજાએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના એકલબાર ગામમાં સિલોક્સ ઈન્ડિયા પ્રા. લિ.ના સી.એસ.આર. અંતર્ગત આયોજિત ગ્રીષ્મ બાલશિબિરમાં સેવાઓ આપી હતી. શિબિર દરમિયાન ગામના બાળકોને વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક અને આનંદદાયક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું. રમત-ગમત, જૂથ પ્રવૃત્તિઓ અને પ્રયોગાત્મક શિક્ષણ પદ્ધતિઓના માધ્યમથી બાળકોમાં શીખવાની રુચિ વધે તેમજ શિક્ષણ પ્રત્યે વધુ ઉત્સાહ જાગે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. ગ્રામ્યવિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત અને આનંદદાયક શિક્ષણનો અનુભવ કરાવવાના હેતુથી યોજાયેલ આ શિબિર સફળ રહી હતી.
- ‘સ્કૂલ સે મિલે સ્કૂલ’ પ્રોજેક્ટ અંતર્ગત જમ્મુ-કાશ્મીરની શાળાઓની મુલાકાત મોજીલા શિક્ષણ પ્રોજેક્ટના કાર્યકર રવિભાઈ કરમટિયાએ શ્રી સંજયભાઈ તથા તુલાબહેનના માર્ગદર્શન હેઠળ જમ્મુ-કાશ્મીર અને ગુજરાતની એનજીઓ વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત ચાલતા ‘સ્કૂલ સે મિલે સ્કૂલ’ પ્રોજેક્ટમાં ભાગ લીધો હતો. આ

પ્રોજેક્ટ અંતર્ગત તેઓ જમ્મુ-કાશ્મીરના ઉરી વિસ્તારના બારામુલ્લા જિલ્લાના વિવિધ ગામોની સરકારી પ્રાથમિક શાળાઓની મુલાકાતે ગયા હતા. મુલાકાત દરમિયાન બંને રાજયોના વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્કૃતિ, પરંપરા, જીવનશૈલી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને નજીકથી સમજી શકે તેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પ્રોજેક્ટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રભાવના અને પરસ્પર સમજણનો વિકાસ કરવાનો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકનું જ્ઞાન મર્યાદિત ન રાખીને વિવિધ સર્જનાત્મક અને પ્રયોગાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું, જેથી તેઓ અનુભૂતિ આધારિત શિક્ષણ મેળવી શકે. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં શીખવાની ધખશનો વિકાસ થયો તેમજ વિવિધ રાજ્યોની સંસ્કૃતિઓ પ્રત્યે આદર અને સમજણ વધારવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન મળ્યું હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. 'સ્કૂલ સે મિલે સ્કૂલ' પ્રોજેક્ટ રાષ્ટ્રીય એકતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપતું એક અનોખું અને પ્રેરણાદાયી અભિયાન સાબિત થઈ રહ્યું છે.

- તા. ૧૧ મે થી ૧૩ મે દરમિયાન લોકશાળાના કાર્યકરોએ આવનારી વસ્તી ગણતરીની કામગીરીને અસરકારક રીતે પાર પાડી શકાય તે હેતુથી શિહોર મુકામે આવેલી જે.જે. મહેતા હાઈસ્કૂલ ખાતે આયોજિત તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમ વસ્તી ગણતરીની કામગીરીને વધુ સુવ્યવસ્થિત અને સફળ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયો હતો.

**મણાર સમાચાર**

- પહેલી 'મે' શાળામાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે હોંશભેર કરવામાં આવી.
- ચોથી 'મે' ના રોજ ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦% ટકા આવતા વિદ્યાર્થી, વાલીગણ, હાયર સેકન્ડરી શિક્ષકગણ, આચાર્ય સહિત તમામને ટ્રસ્ટીઓ તથા વડીલો દ્વારા શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા. સૌના સહિયારા પરિશ્રમથી આટલું સરસ પરિણામ મેળવી શકાયું.
- 'ભારતની જન ગણના ૨૦૨૭' અંતર્ગત કામગીરી બાબતે ગણતરીદાર અને સુપરવાઈઝર તરીકે શિક્ષકોને તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- છઠ્ઠી 'મે'ના રોજ ધોરણ ૧૦નું ૮૬.૨૭ ટકા ઉજવળ પરિણામ આવ્યું. સમગ્ર સ્ટાફગણ વિદ્યાર્થીગણ અને આચાર્યશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા.
- શાળાના શિક્ષિકા શ્રી કંચનબહેન થડોદાએ નિવૃત્તિની ઉંમરે ધોરણ ૧૦ની હિન્દી વિષયની પરીક્ષા આપી ૧૦૦માંથી ૭૫ ગુણ પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ તથા સમગ્ર સમાજને પ્રેરણા સંદેશ પૂરો પાડ્યો કે શીખવું (શિક્ષણ)ને કોઈ ઉંમરનો બાધ હોતો નથી.
- તા. ૦૪/૦૫/૨૦૨૬ થી ૦૭/૦૬/૨૦૨૬ સુધી વિદ્યાર્થી અને સૌ શિક્ષકગણ વેકેશનનો આનંદ માણવા પોતપોતાના માદરે વતન ગયા.
- શાળાના મદદનીશ ગૃહપતિ શ્રી ભાવેશભાઈ જાંબુચા અને તેમની સાથે મોજીલા શિક્ષણના શિક્ષક મિત્ર શ્રી રાજુભાઈ ચૌહાણ બંને મિત્રોએ દમણ અને દાદરા નગર હવેલીના કાંકરાપાડ અને

કરજ ગામમાં (Mrida Heart 'n Soil Foundation)નાં સહયોગથી૧૨ દિવસીય 'ગ્રીષ્મ બાળશિબિરનું' આયોજન કર્યું હતું. જેમાં આ કસ્બાનાં બાળકોને ક્રાફ્ટ વર્ક, નાટક, પઝલ, અભિનય, જેવી મોજીલી પ્રવૃત્તિઓ કરાવી હતી.

- મોજીલા શિક્ષણના શિક્ષક શ્રી વિમલભાઈ દિહોરા જમ્મુ કશ્મીર મુકામે ત્યાંના બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવા માટે ગયેલ છે.
- તા. ૩૧/૦૫/૨૦૨૬ના રોજ (સત્રાંતે) શાળાના હાયર સેકન્ડરી વિભાગનાં અંગ્રેજી અને સંસ્કૃત વિષયના શિક્ષિકા શ્રીમતી કંચનબહેન થડોદા તથા માધ્યમિક વિભાગના ગુજરાતી અને હિન્દીના શિક્ષક શ્રી વિનોદભાઈ આર. વાઘેલા વય નિવૃત્ત થતા સૌએ નિવૃત્ત જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી.

**માઈધાર સમાચાર**

- તા. ૧થી ૩ સુધી આશ્રમશાળા ગોપાલધામનાં શિક્ષકોને લઈને શ્રી વરૂણભાઈ માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા – સમજવા માટે આવી ગયા.
- તા. ૪ના રોજ શ્રી ભરતભાઈ દવે, શ્રી પાતુભાઈ આહિર, શ્રી ભાવનાબહેન પાઠક અને કાર્યકરોના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીઓ દ્વારા સંગીતસંધ્યાનું આયોજન થયું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગીતો, લોકગીતો, સ્વરચિત કાવ્યોની રજૂઆત કરવામાં આવી.
- તા.૫ના રોજ શ્રી શ્રદ્ધાબહેન પાલીતાણાથી માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ સમજવા માટે આવી ગયા.
- તા. ૬ના રોજ રામદરબારનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં પાદરગઢથી શ્રી ભરતસિંહ મોરી અને તેમની ટીમ દ્વારા જૂના ભજનો - ગીતો, ધૂન, ગરબા દ્વારા વિદ્યાર્થીઓને આનંદ કરાવ્યો. શ્રી નિર્મળભાઈ પરમાર અને વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તા. ૭ અને ૮ ભાવનગર શૈશવ સંસ્થા અંતર્ગત વિદ્યાર્થીઓનો લીડરશીપ કેમ્પ યોજાઈ ગયો.
- તા.૧૭ના રોજ શ્રી શ્રદ્ધાબહેન અને તેમની ટીમ દ્વારા આંખોનાં નિદાન માટે કેમ્પ યોજાઈ ગયો. આજુબાજુના ૪ ગામમાંથી ૧૨૦ જેટલા દર્દીની તપાસ કરવામાં આવી અને જરૂરિયાત મુજબ ચશ્માં આપવામાં આવ્યા. શ્રી શ્રદ્ધાબહેન, શ્રી કલ્યાણભાઈ ડાંગર, શ્રી અરજણભાઈ ડાંગર અને શ્રી પાતુભાઈ આહિર દ્વારા પ્રાસંગિક વાત કરવામાં આવી.
- તા.૧૬ના રોજ શ્રી શક્તિભાઈ પરમાર અને તેમની ટીમ વાર્તાશિબિરના આયોજન અંગે આવી ગયા.
- તા. ૧૭ અને ૧૮ શ્રી અરુણભાઈ દવે અને શ્રી અર્ચનાબહેન દવે માઈધાર આવી ગયા.
- તા.૧૮ અને ૧૯ જૈન મહારાજ સાહેબ અને ડૉ.તેજશભાઈ દોશી માઈધાર કેન્દ્રમાં વિહાર માટે આવી ગયા. તેમણે માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોઈને રાજીપો વ્યક્ત કર્યો. તેમને મળવા માટે આવેલ આજુબાજુના ગ્રામજનોએ પણ કેન્દ્રની મુલાકાત લીધી.
- તા.૨૭ના રોજ જૈન મહારાજ સાહેબના માર્ગદર્શન નીચે શેત્રુજી ડેમે અલગ અલગ રાજ્યની બહેનોની ચાલી રહેલ શિબિરનાં ૧૦૦ બહેનોએ માઈધાર કેન્દ્રની મુલાકાત લીધી.
- તા.૩૦ અને ૩૧ પ્રયાસ An Extension અંતર્ગત વાર્તાશિબિર યોજાઈ. જેમાં

શ્રી કિરીટભાઈ દૂધાત, શ્રી મહેન્દ્રસિંહ પરમાર, શ્રી બિંદુબહેન ભટ્ટ, શ્રી મીનળબહેન, શ્રી રામ મોરી સહિત અન્ય ૧૮ લેખકોએ પોતાની વાર્તાઓ રજૂ કરી હતી.

- તા.૩૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમાબહેન દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી માઈધાર કેન્દ્રમાં ચાલી રહેલ વાર્તાશિબિરમાં જોડાયા.
- વેકેશન દરમિયાન આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણ દ્વારા આસપાસનાં ગામોમાં ગ્રીષ્મ શિબિર યોજાઈ રહી છે. જેમાં બાળકો પ્રવૃત્તિ સાથે મોજ કરી રહ્યાં છે.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક, સાથી શિક્ષણસંસ્થા ડાંખરા ઉત્તર બુનિયાદી વિદ્યાલય-બેલાના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી જીજીભાઈ ચૌહાણના ધર્મપત્ની સ્વ. શ્રી કુંવરબહેન ચૌહાણનું ૮૧ વર્ષની વયે તા. ૩૧-૦૫-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

અહિંસા મારામાં ઘણી મથામણ પછી આવી, સત્ય મને હંમેશા સ્વાભાવિક રીતે લાધ્યું છે. જયારે જયારે હું એમાંથી ચળ્યો છું ત્યારે મારા અંતરમાં તીવ્ર વેદના થઈ છે. અહિંસા એટલે જીવમાત્ર પ્રત્યે પ્રેમ. અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવા ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ, છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ.

- ગાંધીજી

શીલ વિનાની વિદ્યા એ વાંઝણી વિદ્યા છે. વિદ્યા બે જાતની છે- વાંઝણી અને દૂઝણી. જે દૂધ ન આપે, જે વિયાય નહીં તે વાંઝણી ગાય શા કામની ? વિદ્યાનું પણ એવું જ છે.

ખરી વિદ્યા પરમતત્ત્વ અને ત્રિવિધ મુક્તિનું દૂધ આપે છે. 'સા વિદ્યાયા વિમુક્તયે' જે વિદ્યા વળગાડ જેવી હોય છે. તે બોજારૂપ છે, પણ જે વિદ્યા આત્મસાત્ થાય છે અને રોમ-રોમમાંથી પ્રગટે છે તે સાચી વિદ્યા.

વિદ્યા અને શિલને સંબંધ ન હોય તો વિદ્યા વાંઝણી રહે. શીલ વિના વિદ્યા લેનાર માણસ બ્રહ્મરાક્ષસ બને છે.

- નાનાભાઈ ભટ્ટ

લોકભારતી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મોજીલું શિક્ષણ અભિયાન અંતર્ગત બાળ ગ્રીષ્મશિબિરનું થયેલ આયોજન









ગ્રામદક્ષિણામૂર્તિ મણાર દ્વારા મોજીલું શિક્ષણ અભિયાન અંતર્ગત બાળ ગ્રીષ્મશિબિરનું થયેલ આયોજન





પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર દ્વારા મોજીલું શિક્ષણ અભિયાન અંતર્ગત બાળ ગ્રીષ્મશિબિરનું થયેલ આયોજન








To.


**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-